ઇબ્ને સિરાજ

—સાલિહ ફકીહ.

પહેલા વર્ષના પુસ્તકો

	મૂલ્ય
* ૧ થોડાંક ચરિત્ર દર્શનો	૦–૫–૦
૨ જંગે યરમૂક	૦–૫–૦
૩ વતનની વેદી	૦–૫–૦
૪ કુર્બાની કિસ્સા	૦–૫–૦
૫ જમાલુદ્દીન અફઘાની	૦–૫–૦
૬ પઠાનનું વેર અને બીજી વાતો	૦–૫–૦
૭ અસ્હાબુલ રીસ	૦-૧૦-૦
આંસુની ઇમારત	૦–૮–૦

[પોસ્ટેજ અલગ]

* સિલ્લકમાં નથી.

લખો :

બઝમે ઈકબાલ

કઠોર

[વાયા : સાયણ]

गूजरात विद्यापीठ ग्रंथालय
| गूजराती कॉपीराइट विभाग |

अनुक्रमांक ૨૩૭૦૩ किमत ૦-૩-૦

ग्रंथनाम ઈજને સિરાજ

वर्गांक [illegible]

બઝમે ઇકબાલ ગ્રંથમાળા

વર્ષ બીજું] [પુસ્તક બીજું

ઇબ્ને સિરાજ

[મશહૂર ફ્રેંચ લેખક M. Chateaubriant
ની ફ્રેંચ નવલના ઉર્દૂ અનુવાદ ઉપરથી]

સાલિહ બકીલી

(૯)

મૂલ્ય : છ આના

પ્રકાશક :
બઝમે ઇકબાલ
કઠોર.

ઇકબાલના આદર્શોને પોષે
એવા પ્રાણવાન સાહિત્યનું
સર્જન કરતી મુસ્લિમ-
ગુજરાતની પહેલી ગ્રંથમાળા

૨૪૯૨૨.૩
ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૨૩૭૦૩

પ્રત ૧૦૦૦] ૩૧-૫-૪૨ [આવૃત્તિ ૧ લી

મુદ્રક :
શંકરરાવ નારાયણરાવ નીકમ
ના. લ. નીકમ એન્ડ સન્સ
શ્રી "શંકર" પ્રિન્ટિંગ પ્રેસ,
ચૌટાપૂલ, સુરત.

પ્રકાશક :
નિસાર અહમદ શેખ
બઝમે ઇકબાલ
કઠોર
(વાયા સાયણ)

સ્પેઈનની આ ઐતિહાસિક, ઇશ્કતમય અને દિલચસ્પ કથાના મૂળ લેખક ફ્રાન્સના મશહૂર ક્રાન્તિકારી લેખક M. Chateaubriant છે. મહાન અરબ લેખક અને નેતા જનાબ અમીર શકીબ અર્સલાને એનો અનુવાદ અરબીમાં કર્યો છે. એ એકજ ઉદાહરણ એની રસિકતા માટે પુરતું છે.

સ્પેઈનમાં મુસલમાનો (મૂર–અરબો) એ લગભગ આઠસો વર્ષ સુધી અત્યંત જાહોજલાલી પૂર્વક હુકૂમત કરી હતી. વિદ્યા કળામાં તેમણે ખૂબ પ્રગતિ કરી હતી. મહાન ઇલ્મી સેવાઓ બજાવી હતી. સંસ્કૃતિ અને સભ્યતામાં તેઓ યૂરોપના ગુરૂ કહેવાય છે. સ્પેઈનના ઇસ્લામી યુગનો ઇતિહાસ વાંચો, તેમના ભવ્ય કારનામા વાંચીને તમો આશ્ચર્યચકિત થઇ જશો. તેમની દબદબા ભરી ભવ્ય યાદગારો હજુ પણ પ્રવાસીઓને વિસ્મય પમાડે છે.

પણ હાય, છેવટે ખાના જંગીએ તેમને છિન્નભિન્ન કરીને બરબાદ કરી નાખ્યા. હૃદય–રકત સીંચીને ઉછેરેલા એ પ્રફુલ્લિત ઉદ્યાનનો છેવટે તેમને ત્યાગ કરવો પડયો. સ્પેઈનમાં માત્ર તેમનું નામ અમર રહી ગયું!

"દુન્યાનું ચક્ર એજ રીતે ગતિમાન રહે છે."

વસ્સલામ.

સચીન
તા. ૩૧–૫–૪૨ } —સાલિહ બકીલી.

દક્ષિણ આફ્રિકા ખાતે અમારી બઝમને
નિઃસ્વાર્થ મદદ ફરમાવી રહેલા અમારા
એક વધુ મુહસિન

જનાબ મુહમ્મદ હુસયન શયૂખ

સાહબને.............

—બઝમના સંચાલકો

ઇબ્ને સિરાજ

અબૂ અબ્દુલ્લાહ

આઠસો વર્ષ પર્યંત શાનો સવકત સાથે રાજ્ય કર્યા પછી અંતે સ્પેઇનમાંથી મુસલમાનોનો ભાગ્યભાનૂ હંમેશને માટે અસ્ત થઇ ગયો. આખરી બાદશાહ અબૂ અબ્દુલ્લાહને પોતાના પૂર્વજોની રાજ્યધાની દુશ્મનોને હવાલે કરી દેવી પડી. દુર્ભાગી બાદશાહ પોતાના ખાનદાન સાથે રવાના થયો જબલુલતારિક (જીબ્રાલ્ટર)ની સામુદ્રધુની ઓળંગીને આફ્રિકાની ભૂમિમાં દેશપારીની ઝલીલ જિંદગી ગુઝારવા માટે. એની આંખોમાંથી અશ્રુઓ છલકાતા હતાં. ગમના કારણે ઝબાન બંધ હતી.

સ્પેઇનનો કિનારો છોડવા પહેલાં બાદશાહ એતાબીથી બાદવૂક પર્વત ઉપર ચઢી ગયો. સૌથી ઉંચા શિખર ઉપર જઇને તે ઉભો રહ્યો. તેની નઝર સામે એક તરફ સમુદ્રની નીલવર્ણી સપાટી પથરાયલી હતી, દૂર ક્ષિતિજમાં આફ્રિકાના કાળમીંઢ પહાડો દેખાતા હતા. બીજી તરફ ગરનાતાની મસ્જિદોના બુલંદ મિનારા, કસ્રે હમ્રાના ગગન ચુંબિત બુર્જો, ચોમેર પથરાયલા મનોહર ઉદ્યાનો, સ્વર્ગસમ ફયજહ ગુલીસ્તાન, સુંદર સરિતા શનીલ. આ બધા દિલફરેબ દ્રશ્યો આંખોની આગળ હતા.

અબૂ અબ્દુલ્લાહે આ દ્રશ્યો જોયાં. એની નિગાહ દરેક તરફ ફરી. દર્યા કાંઠે વિજયવંત શાહ ફર્ડિનન્ડ અને રાણી ઈઝાબેલાના તંબુઓ દબદબા અને ઠાઠમાઠ સાથે ઠોકાયલા હતા. મુસલમાનોના કબ્રસ્તાન નઝરે પડયા. કબ્રો ઉપર સરૂના સીધા વૃક્ષો દેખાયા. બદ-નસીબ બાદશાહ કેટલીક વાર સુધી દિગમૂઢ ઉભો રહ્યો, પછી એની આંખોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યા. એણે પોતાની લાંબી અબાનો દામન ઉડાવીને મુંહ ઢાંકી લીધું અને ઝાર ઝાર રડવા લાગ્યો. કેમ ન રડે? વડીલોની સલ્તનતની લાશ એની આંખો આગળ પડેલી હતી. બુઝુર્ગોની રૂહો પરલોકની બારીઓમાંથી મુંહ કાઢીને મલામત કરી રહી હતી. રડતાં રડતાં એની હિંચકી બંધાઈ ગઈ. બન્ને હાથોએ એણે પોતાનું હૃદય થામી લીધું.

અબૂ અબ્દુલ્લાહની પાછળ એના તમામ સગાસ્નેહી અને મુસાહિબો પણ પોતાના બદબખ્ત આકાની કિસ્મત અને વડીલોની સલ્તનતની બરબાદી ઉપર રડી રહ્યા હતા, પરંતુ એની માતા આઈશાહની આંખોમાં એક પણ આંસુ ન હતું. તે પોતાનું કરચળીઓવાળું મુંહ પહોળું કરીને આગળ વધી અને પુત્રનો હાથ પકડી લીધો.

"હાં, આજે અવરતો પેઠે આંસુડાં ટપકાવ" "કેમકે કાલે તેં મર્દો પેઠે વડીલોની સલ્તનતનું રક્ષણ કર્યું નથી." આઈશાહ આટલું બોલીને ચૂપ જ થઈ હતી કે, એક તરફથી આવાઝ આપી.

અબૂ અબ્દુલ્લાહ!

અબૂ અબ્દુલ્લાહે આ આવાઝ કદી સાંભળી ન હતી. ગભરાઈ ને ફર્યો. શું જુએ છે? એક ગુફાના મુખ ઉપર લાકડી ટેકીને કમરમાંથી વાંકો વળેલો એક વૃદ્ધ ઉભો છે અને પોતાની લાંબી સુફેદ પાપણોમાંથી બાદશાહને ઘુરકી રહ્યો છે.

"હાં, હે દુર્ભાગી બાદશાહ!" વૃદ્ધે ધ્રુજતા સાદે શરૂ કર્યું. "તને તારા તાજ અને તખ્ત માટે અવરતો પેઠે રડવું જ જોઈએ, કેમકે તેં મર્દોની પેઠે તેનું રક્ષણ કર્યું નથી. તુ ઘણો જ હસી ચૂક્યો છે, હવે ખૂબ રૂદન પણ કર. રાહત ઝિન્દગીની સવાર છે ને ગમ ઝિન્દગીની સંધ્યા. સવાર પછી સાંજ, રાહત પછી દુઃખ, આદમના પુત્રોના ભાગ્યમાં લખાયલું જ છે.

"જો તારી બાદશાહી કોઈ આસમાની આફતથી બરબાદ થઇ હોત તો માંમિલો સ્હેલ હતા, કેમકે આકાશ સાથે લડવું તારી શક્તિ બાહિરની વાત હતી. પરંતુ તેં પોતાની સલ્તનત ખૂદ પોતાના હાથોએ બરબાદ કરી. પોતાના ઇખ્તિયાર અને ઈરાદાથી દુશ્મનને હવાલે કરી. હવે વિધવાઓની પેઠે ધ્રુસકે ધ્રુસકે રડ. ઝિન્દગીભર તારા અશ્રુઓ ન રોકાય ખુદા કોઈના ઉપર ઝુલ્મ કરતો નથી. કોઈને પણ તબાહ કરવા ચાહતો નથી. પરંતુ ખૂદ ઈન્સાન જ પોતાની કબ્ર પોતાના હાથોએ ખોદે છે. અને પોતાની બરબાદીના સામાન શોધી શોધીને ભેગા કરે છે. તને ખુદાએ બધુંય આપ્યું હતું; પરંતુ તું ખુદાની દેન ઉપર સંતુષ્ટ રહ્યો નહિં અને પોતાના કાકાની બાદશાહી ઝુંટવાને માટે તૈયાર થઇ ગયો. જ્યારે ખૂદ તારાથી કંઇપણ બન્યુ નહિ, ત્યારે તેં દીન અને મિલ્લતના શત્રુઓ પાસે મદદ માંગી શત્રુ ખુશી ખુશી આવ્યા અને તારા કાકા સાથે તારૂં પણ માથુ પકડી લીધું, પછી બન્ને માથાંઓ લડાવવાં શરૂ કર્યાં, એટલે સુધી કે તારા પગોની નીચે ખૂનની નદી વહેવા લાગી અને તમે ઉભય તેમાં ડૂબી ગયાં.

"દેશપાર બાદશાહ! સાત વર્ષથી આ ગુફામાં પડયો પડયો હું આજના દિવસની વાટ જોઇ રહ્યો હતો; કેમકે હું જાણતો હતો કે જે મુલ્કના હાકિમ તમારા જેવા હશે, તે આજે નહિ તો કાલે

તબાહ થઇને જ રહેશે. તમે પરસ્પર એક બીજાના દુશ્મન બની ગયા અને મુસલમાનોને મારવા કાપવા લાગ્યા. દુશ્મન તમારી પાછળ ઉભો નાચી રહ્યો હતો, કેમકે તમે પોતાની ખાનાજંગીથી તેને માટે માર્ગ મોકળો કરી રહ્યા હતા. જ્યારે તમે લડતાં લડતાં થાકી ગયા, ત્યારે એકજવારમાં તેણે તમારૂં કામ પુરૂં કરી નાખ્યું."

"ઇસ્લામી બાદશાહો! કાલે તમને રબ્બુલ આલમીનની હુઝુરમાં ઉભા કરવામાં આવશે. તમને તમારા તમામ કરતુતોનો હિસાબ આપવો પડશે. તમને પૂછવામાં આવશે કે ઉન્નત ઇસ્લામને તમે કેમ ઝલીલ કર્યું? હાકિમ મુસલમાનોને કેમ ગુલામ બનાવ્યા? આબાદ શહેરોને કેમ વેરાન કરી નાખ્યા? તે શહેરો જેને તમારા પૂર્વજોએ પ્રાણો અર્પણ કરીને ખરીદ્યા હતા? હાય! તમે બધા ઇસ્લામી ઝુંડાઓ નીચે પાડી નાખ્યા. ખુદાને શું જવાબ આપશો? આ જુઓ, મસ્જિદો અને મિનારાઓ ઉપર સલીબો લાગી છે. અઝાન અને તકબીરને સ્થાને નાકૂસ અને ઘંટા વાગી રહ્યા છે. જ્યાં મુસલમાનોની પેશાનીઓ જમીન ઉપર ઝુકતી હતી, ત્યાં ઇસાઇઓના પગરખાં પડે છે! મુસલમાનો પોતાનો દીન લઇને ખુણે ખુણે છુપાતા લપાતા ફરે છે, પણ તેમને કોઈ પણ સ્થળે પનાહ મળતી નથી! અબૂ અબ્દુલ્લાહ! ખુદા તારાથી મારા વિષે અને મારા આઠે યુવાન પુત્રો વિષે પણ સવાલ કરશે. તેં તે બધાને મારા હાથમાંથી ઝુંટવીને મયદાને જંગમાં મોકલી આપ્યા કે પોતાનાજ દીની બંધુઓનું ખૂન કરે. તે બધા એકએક કરીને કપાઈ ગયા. તેં મારી ગરીબી અને વૃદ્ધાવસ્થા ઉપર ઝરાપણ દયા કરી નહિં. હાય! મને ઝિન્દા મારી નાખ્યો. મારો એકપણ જીગરનો ટુકડો બચ્યો નહિં કે મારી અંતિમ ઘડીએ મારી આંખોની સામે હોત!

"હું અહિંયા આગારમાં પડશે તેમના ઉપર તમારા ઉપર અને ઇસ્લામ ઉપર રૂદન કરૂં છું. નિશદિન મારી એજ દુઆ છે કે અલ્લાહ ઇમાન સાથે મને ઉઠાવી લ્યે......!"

આ બોલતાં બોલતાં બુઢ્ઢાનો સાદ રૂંધાઇ ગયો. આંખોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યા. તેણે પીઠ ફેરવી અને ગારમાં ઉતરીને ગાયબ થઇ ગયો.

"અલ્લાહ!" અબૂ અબ્દુલ્લાહ ઝોરથી પોકાર્યો. "બેશક, હું ગુન્હેગાર છું. દરેક કષ્ટ અને સઝાનો હકદાર છું. મારો મામલો આદિલ અને રહીમ અલ્લાહનાજ હાથમાં છે. હાય! હું બદ-નસીબ!"

બાદશાહ આટલું બોલ્યો અને અશ્રુઓ લુંછતો પહાડ ઉપરથી નીચે ઉતરી આવ્યો. દેશપાર શાહી કાફલો વહાણુમાં સવાર થયો અને આફ્રિકાને પંથે પડયો.

૨

ઇબ્ને સિરાજ

સ્પેઇન (ઇન્દિલુસ)ના બાકી તમામ મુસલમાનો ઉપર પણ આફત આવી. ઘણા માર્યા ગયા. ઘણાને ઝોરઝુલ્મથી ઇસાઇ બનાવવામાં આવ્યા. ઘણાએ આફ્રિકામાં જઇને આસરો લીધો. દરેક કબીલો નવા વતનમાં પોતાના જુના વતનની યાદ પવિત્ર અમાનત પ્રમાણે પોતાના સીનામાં સંરક્ષિત રાખતો હતો. ગરનાતાની જન્નતો દરપળે તેમની આંખો આમળ ફરતી. માતાઓ બાળકોને સ્પેઇનના શહેરો, ખાસ કરીને ઉરૂસુલ-બિલાદ દેશની દુલ્હન 'ગરનાતા'ની દિલફરેબીની

દાસ્તાનો સંભળાવતી. બની અહમદ, બની સિરાજ, બની ઝગરીના કારનામા હાલરડાંમાં ગાતી. રોઝ રોઝ પાંચે નમાઝોમાં કુર્દુારની બરબાદી અને ગરનાતાની વાપસી માટે દુઆઓ માંગવામાં આવતી. ટયુનિસ અને મોરોકકોના ઉપવનો, હરીયાળા પહાડો, આત્માને આનંદિત કરનાર આબોહવા, કોઇપણ વસ્તુ તેમને ગરનાતાની યાદથી ગાફિલ કરી શકતી નહિ. જ્યારે કોઈ ચિત્તાકર્ષક દ્રશ્ય ઉપર નજર પડી જતી, તો બેકરાર થઈ જતા અને પોકારી ઉઠતા. હાય ! ગરનાતા ! !

બની અહમર સ્પેઇનનો અંતિમ મુસ્લિમ શાહી વંશ હતો. એજ ખાનદાન કસ્રે હમ્રા અને ગરનાતાની અઝમતોનો માલિક હતો. દેશપાર પછી કુદરતી રીતે તે સ્પેઇન અને ગરનાતાને માટે સૌથી વિશેષ બળાનો હતો. તે સુંદર ભૂમિનો ખુણેખુણો, તેની પ્રભૂતા અને પ્રભાવ, વીરતા અને ઉદારતા, ઇશ્ક અને મુહબ્બતના કિસ્સાઓનો ગવાહ હતો. પરંતુ અફસોસ ! હવે તે જન્નત પોતાના અજોડ સ્થાપકોથી ખાલી થઈ ચૂકી હતી. એના કોઈ ખુણામાં પણ તેમની આવાઝ સંભળાતી ન હતી. જાણે તે કદી ત્યાં મવજૂદજ ન હતા.

સ્પેઇનમાં એ ખાનદાન કસ્રે હમ્રામાં રહેતું હતું. કસ્રે હમ્રા એટલે વિશ્વનો અવર્ણનીય મહેલ: એમાં વૈભવ ભોગવનારાઓ હવે એક તૂટલી ઝુંપડીમાં રહેતાં હતાં. આ ઝુંપડી મામલીક પહાડની તળેટીમાં સાગરને તીરે કરતા જનહના ખંડિયેરો ઉપર આવેલું હતું. ઝુંપડીની દીવારો ઉપર સિંહ ચર્મની કેટલીએક ઢાલો ટાંગેલી હતી. એક ઢાલ ઉપર બે હિંસક પશુઓનું ચિત્ર કોતરેલું હતું. ચિત્રની નીચે લખેલું હતું. "**મતા ઉન કલીલ**" ઢાલોની સોડમાં પાણીદાર તલ્વારો, ચકચકતી કટારો, ઝગઝગતા ખન્જરો, સુફેદ અને વાદળી ફૂમતાવાળા

ભાલાઓ ટાંગેલા હતા. સાથેજ લોખંડી દસ્તાના, ફુવલાદી ટોપ, નકશીદાર લગામો, ગંગા જમની (સુન્હેરી–રૂપેરી) રિકાબો, સુન્હેરી મેહમીઝો ટેબલો ઉપર ગોઠવીને મૂકેલી હતી. હવે તો માત્ર આજ સામગ્રી બની અહમરના ભવ્ય ભૂતકાળની યાદગાર હતી.

ગરનાતાથી દેશપાર થયાને ચોવીસ વર્ષ ગુજરી ગયા હતા. એ મુદ્દતમાં બની અહમરના ચઉદ માણસો આબોહવા રાસ ન આવવાથી તેમજ રન્જ અને હસરતથી મરી ચૂકયા હતા. હવે આ પ્રતિષ્ઠિત કુટુંબનો માત્ર એકજ દીપક બાકી રહ્યો હતો સમસ્ત કૂળની આશાઓને ઉજવાળનાર. એનું નામ હતું **ઈબ્ને સિરાજ.** ગરનાતા (ગ્રેનેડા)ના અંતિમ રાજવી અબૂ અબ્દુલ્લાહનો પૌત્ર.

નવજવાન ઈબ્ને સિરાજ અનોખું વ્યક્તિત્વ ધરાવતો. અને રૂપ, વીરતા, ઉદારતા, સાહસિકતા, સચ્ચાઈ, અમાનત, અદબ, હિકમત, પ્રભાવ, ગંભિરતા, જાહોજલાલ, નમ્રતા, મિલનસારી એ એનામાં તરી આવતા ગુણો હતા. એના નાઝુક મુખારવિંદ અને સુડોલ ચેહરા ઉપર દુઃખ અને મલાલની એક ઝાંખપ છવાયલી રહેતી હતી. હંમેશાં કોઈ ઉંડા ગમમાં ગર્કાવ જણાતો હતો.

૩

પ્રવાસ પંથે

પોતાના બદ–નસીબ પિતામહ અબૂ અબ્દુલ્લાહની વફાત સમયે ઈબ્ને સિરાજની વય માત્ર બાવીસ વર્ષની હતી. અચાનક તેને પોતાના પૂર્વજોના વતન સ્પેઈન, અને તેનું સ્વર્ગ ગરનાતાના ઝયારતનો વિચાર ઉત્પન્ન થયો. ન જાણે આ પ્રવાસથી તેની ગરઝ શું હતી?

તેણે કોઈને કંઈપણ કહ્યું નહિ. પોતાની વયોવૃદ્ધ માતાને પણ આ ભેદથી જાણીતી કરી નહિ. ચુપચાપ સઢવાળા વહાણમાં બેઠો અને સ્પેઇન તરફ રવાના થઈ ગયો.

ઇબ્ને સિરાજ અરબ તબીબના વેશમાં હતો. દરેક સ્થળે એજ ઝાહિર કરતો હતો કે જડીબુટ્ટી અને દવાઓની શોધમાં તે સ્પેઈનની ભૂમિમાં આવ્યો છે. માંડ માંડ ડગ દેતા એક ખચ્ચર પર બેસીને તે જ્યાં એના બુઝુર્ગો અત્યંત ઠાઠમાઠ અને દબદબા સાથે તેઝી અરબી અશ્વો દોડાવતા ફરતા હતા ત્યાં ભટકી રહ્યો હતો. પરસિયહનું ખજૂર વન એના માર્ગમાં આવ્યું. એનું દિલ ધડકવા લાગ્યું. "આ વન મારાજ પૂર્વજોનું ઉછેરેલું." ઠંડા શ્વાસ સાથે તે મનમાં બણબણ્યો. પછી એક બુર્જ નજરે પડયો. "એમાં ઉભા રહીને અરબ મુજાહિદો ઈસાઈઓ સાથેના યુદ્ધોમાં પહેરા ભરતા હતા." એણે વિચાર કર્યો. તુરત કેટલીએક ઈમારતો નઝરે પડી. તેમની ઢબછબ સાફ દેખાડી રહી હતી કે અરબી ઈમારતો છે. ઈબ્ને સિરાજ આ અવશેષો જોઇને બેચેન થઈ ગયો. એની આંખોમાં અશ્રુઓ ભરાઈ આવ્યા. એ તુરત પોતાના ખચ્ચર ઉપરથી ઉતરી પડયો અને સ્પેઈનીસ ભોમિઆની નઝરથી બચવાને માટે દોડીને એક વૃક્ષની ઓથમાં ચાલ્યો ગયો. ત્યાં રડતા રડતા એની હિંચકી બંધાઈ ગઈ!

અશ્રુ લુછીને એણે ફરી સફર શરૂ કરી. વિચારસાગરમાં ગર્ક હતો. સ્પેઈનીસ ભોમિઓ ગાઈ રહ્યો હતો, પરંતુ ઈબ્ને સિરાજના કર્ણોમાં આવાઝ આવતી ન હતી. એ તો ઈબ્રતની સદાઓ સાંભળવામાં તલ્લીન થઈ ગયો હતો.

માર્ગમાં ઠેરઠેર મુસાફિરોના કાફલા મળતા હતા. દરેક માણસ હથ્યારબંદ હતો. મ્હોટી મ્હોટી ચાદરોમાં શરીર ઢાંકેલા હતા. છજ્જાવાળી

વાંકી ટોપીઓ મસ્તક ઉપર હતી. આ મુસાફિરો ઈબ્ને સિરાજને સલામ કરતા હતા, પરંતુ એટલા બધા ધીમેથી કે મુશ્કિલે કોઈ શબ્દ સાંભળી શકાતો હતો. કદાચ આ લોકો પણ મૂળ અરબ હતા અને જબરદસ્તી ઇસાઇ બનાવવામાં આવ્યા હતા. એક અરબને જોઇને તેમની ગુપ્ત કવમી ઉર્મિઓ જાગી ઉઠતી હતી. તેઓ દબી ઝબાનથી સલામ કરીને પોતાની હમદર્દી પ્રદર્શિત કરતા હતા.

ઈબ્ને સિરાજે રાત્રી એક સરા (મુસાફિરખાના)માં ગુઝારી. સરા મુસાફિરોથી ભરપૂર હતી. તેઓ ઈબ્ને સિરાજ અને તેના અરબી લિબાસ ઉપર આશ્ચર્યમય નઝરોએ નિરખવા લાગ્યા. પરંતુ આ નઝરો તિરસ્કારભરી હતી. ઈબ્ને સિરાજ સમજી ગયો, પણ તે ગરદન ઝુકાવીને બેસી ગયો. તેણે હસરતપૂર્વક વિચાર કર્યો. "એ વિજેતા છે. પરાજીત અરબોને કોઈ હક નથી કે એમની પાસેથી માનભર્યાં વર્તાવની આશા રાખે !"

ઈબ્ને સિરાજની લાગણીઓના સમુદ્રમાં હજી ઝંઝાવાત આવવો બાકી હતો. ગરનાતાના બારણે તેને ઘણુંએ રૂદન કરવાનું હતું. ગરનાતા ! શારાત પર્વતની તળેટીમાં બે સપાટ ટેકરાઓ ઉપર વસેલું હતું. ટેકરાઓની વચ્ચે એક ઉંડી ખીણ છે. ઈમારતો બન્ને તરફ ઉંચાઈથી શરૂ થઇને નીચે વાદી સુધી પ્રસરેલી છે. દૂરથી આબાદી એવી જણાય છે, જાણે અનાર (દાડમ)ને વચ્ચમાંથી કાપીને ગોઠવ-વામાં આવ્યું છે. એજ મળતાપણાને લઇને શહેરનું નામ રાખવામાં આવ્યું હતું, ગરનાતા એટલે અનાર.

ગરનાતા બે સરિતા—શનીલ અને હદરહની ગોદમાં છે; સરિતાના કિનારા મનહર દ્રશ્યો ઉભાં કરે છે. થોડે દૂર સુધી જુદી

જુદી ચાલીને પછી સાથે મળી જતી એ સરિતાનો સંગમ એવો ભાસ આપે છે કે જાણે બે સફેદ સર્પો પોતાની ફેણો ઉઠાવીને રમતા ફૂદતા જઈ રહ્યા છે. ગરનાતાની ચોગર્દમ બાગબગીચાઓએ એક અજીબ દેખાવ ઉત્પન્ન કરી દીધો છે. નજર પહોંચે ત્યાંસુધી ઝમુર્રદી મખમલી પાથરણું પથરાયલું નઝરે પડે છે, હરીભરી હરીયાળી ઝોલાં ખાઇ રહી છે. વૃક્ષો ઝુમે છે. પાંદડાં પ્રકાશે છે. પુષ્પો મેહકે છે. સુવાસ પ્રસરે છે. દ્રાક્ષ, દાડમ, અન્જીર, ઝયતૂન, શાહતૂત, અને લીંબુના ખુશનુમા વૃક્ષો ફળોથી ઝૂકેલાં લીલાં વસ્ત્રો પરિધાન કરી રૂઆબથી ઉભા છે. પહાડ સુબ્હાનલ્લાહ. તે પહાડોનું શું કહેવું ? ખૂદ હરીયાળીના પહાડ બની ગયા છે. સરૂ અને સનુબરથી ઢંકાયલાં છે. ઝમુર્રદી મખમલ ઉપર જાણે લીલી ઝુલ્લો ઓઢીને હથણીઓ ઉભી ઝુમી રહી છે.

દરેક રીતે આ દ્રશ્ય એવું છે કે એકજ નઝરમાં ઇન્સાન લુબ્ધ થઈ જાય. નિર્મળ આકાશ, સાફ સરિતા, મનરંજક વાયુ, આનંદદાયક વાતાવરણ, કોણ છે જે આ બધુ અનુભવે અને વજદ ન કરવા લાગી જાય ? દિલ બેઇખ્તિયાર પીગળી જાય છે વિચારો ઉછળવા લાગે છે. રૂહ આનંદ અને રાહતથી ભરપૂર થઈ જાય છે.

૪

પૂર્વજોના વતનમાં

ઈબ્ને સિરાજને ક્ષિતિજમાં ગરનાતાના ગગનચુંબિત બુર્જો દેખાયા. તેનું દિલ ઉછળવા લાગ્યું આખું શરીર નેતરની પેઠે કંપવા લાગ્યું. વ્યાકુળતા એટલી બધી વધી ગઇ કે પોતાનું ખચ્ચર રોકવાને મજબૂર થઈ ગયો. નઝરો પવિત્ર ગરનાતા ઉપર ચોંટી ગઈ દિગમૂઢ થઇને રહી

ગયો. અરબ મુસાફિરના આવી રીતે અચાનક અટકી જવા પર તેના સ્પેઇનીસ ભોમિઆને આશ્ચર્ય થયું. પરંતુ અહિંના રહેવાશીઓ અસાધારણ હોશિયાર હોય છે, જેથી તે તુરત સમજી ગયો કે પોતાનું પ્રાચીન વતન જોઇને અરબ પ્રવાસીને લાગી આવ્યું છે.

ઇબ્ને સિરાજ પોતાની એવીજ ભાનભૂલી સ્થિતિમાં ભોમિઆને ઉદ્દેશીને કહેવા લાગ્યો.

"મારા વ્હાલા માર્ગદર્શક!" તે અચકાતી આવાઝે પોકાર્યો.

"તારી વયમાં વૃદ્ધિ થાય! સાચેસાચું બતાવ, આ મર્ગઝીરના આકાશ ઉપર તારલાંઓ પેઠે શું ચમકી રહ્યું છે?"

"હમ્રાના બુર્જ છે." ભોમિઆએ જવાબ આપ્યો.

"અને પેલી ઇમારત?" ઇબ્ને સિરાજે એક ભવ્ય મહાલય પ્રત્યે ઇશારો કરીને સવાલ કર્યો.

"કસરે જનીલીફ"* ભોમિઆએ ધ્યાનપૂર્વક જોઇને પ્રત્યુત્તર આપ્યો. "એજ મહાલયમાં તે બાગ છે, જેના વિષે મશહૂર છે કે મલિકા ફાતિમહ× એક વઝીરની સાથે તેમાં પકડાઇ હતી.

ઇબ્ને સિરાજે પોતાના ખાનદાનની એક મલિકાનું નામ આવી

---

* જનીલીફ સ્પેનીસ અપભ્રંશ છે. અસલી નામ 'જન્નતુલ અરીફ' છે.

× મલિકા ફાતિમહ અને એક સિરાજી નવયુવાનનો પ્રેમ કિસ્સો સ્પેઇનીસ સાહિત્યમાં ઘણો મશહૂર છે. જો કે એની કંઇ પણ અસલીયત નથી. અરબ ઇતિહાસકારોએ એનું વર્ણન કર્યું નથી. આ કિસ્સો પણ તેવોજ છે, જેવો હારૂન રશીદની બ્હેન અબ્બાસા અને જઅફર બરમકીનો ઘડી કઢાયો છે.

તુહમત સાથે સાંભળ્યું તો મૂર્છિત થવાની લગભગ થઈ ગયો. પરંતુ પોતેજ પોતાને સંભાળી ભાન દુરસ્ત કરવા લાગ્યો. મોમિઆએ તેની પેશાની ઉપર ઉદાસિનતા સ્પષ્ટ જોઈ લીધી.

"મારા આકા !" તેણે હમદર્દી ભર્યા લિહજામાં કહ્યું. "આગળ વધો. અલ્લાહની ઇચ્છા એવીજ હતી. દિલ દઢ કરો. રન્જ દૂર કરો. તમે નથી સાંભળ્યું કે ફ્રાન્સનો જબરદસ્ત બાદશાહ આ વકતે અમારા પાટનગર મેડરીડમાં કયદી બન્યો છે. ખુદાના કામોને કોણ સમજી શકે છે? અને તેના કામોમાં કોણ દખલ કરી શકે છે?"

આટલું બોલીને ટોપી તેણે માથા ઉપર ઉઠાવી સીના ઉપર સલીબ (ક્રોસ)નું ચિન્હ બનાવ્યું અને ચાબુક મારીને ખચ્ચરને આગળ વધાર્યો. ઇબ્ને સિરાજે લાંબો ઠંડો શ્વાસ ભર્યો. તે કંઈપણ બોલી શકયો નહિં તેની ઝબાનથી માત્ર આટલુંજ નિકળ્યું તકદીર! તકદીર!!"

માર્ગમાં તેને પ્રખ્યાત વૃક્ષ 'લિસાનુત્ત તયર' મળ્યું. આ તેજ ઐતિહાસિક વૃક્ષ છે, જેની નીચે છેલ્લા મુસલમાન શૂરવીર મુસાબિન અબી ગયસાન અને રબાહ કિલ્આના ઈસાઈ હાકિમ વચ્ચે યુદ્ધ થયું હતું ઇબ્ને સિરાજ ગરનાતાની ચારે તરફ ફર્યો. પછી "બાબુલ બયરહ"ને માર્ગે શહેરમાં દાખિલ થયો. તે મુહલ્લામાં પહોંચ્યો, જ્યાંની બધી ઇમારતો અરબી ઢબની હતી. ત્યાંજ એક સરા (મુસાફિરખાનું) અરબી સવદાગરો માટે ખાસ હતી આ લોકો તે વખતે રેશમના વેપારના માલિક હતા. ઇબ્ને સિરાજે પણ ત્યાંજ જઇને મુકામ કર્યો. પરંતુ નિંદ્રા કયાં? લાખ પ્રયત્નો કર્યા, પરંતુ દિલની વ્યાકુળતા કોઈપણ રીતે દુર ન થઇ. વડીલોના વતનની ઝયારતે

સંતોષ આપવાને બદલે એની બધી દિમાગી શાન્તિનો નાશ કરી નાખ્યો. પથારીમાં પડયો પાસા બદલતો અને પોતાના વિચારો સાથે મુકાબલો કરતો રહ્યો. છેવટે હારી ગયો. બેઇખ્તિયાર મુસાફિરખાના-માંથી નિકળીને નાશી છૂટયો. ગરનાતાની સુમસામ સડકો ઉપર રખડવા લાગ્યો. દરેક મ્હોટા મકાનની આગળ ઉભો થઇ જતો.

"શાયદ એમાંજ મારૂં ખાનદાન રહેતું હશે !" તે સ્વગત બબડતો "કદાચ આજ મહેલમાં બની અહમરની મજલિસો ભરાતી હશે. શાયદ આજ ઇમારતમાંથી મારા દાદાની શાહી સવારી નિકળતી હશે !"

ચાલતાં ચાલતાં એક વિશાળ મયદાનમાં પહોંચ્યો. "ઝુરૂર એજ મયદાનમાં બની અહમરના અમીરો અને સિપાહસાલારો કીંમતી પોષાકો પહેરીને આવતા હશે." તે પોકારી ઉઠયો. "તેમના અશ્વોની ખરીઓ આ હરીયાળીને ખુંદતી હશે. તેમના હથ્યારોની ઝણકાર આ પહાડોમાં ગુંજતી હશે !" પરંતુ અફસોસ ! ઇબ્ને સિરાજને ફરતે ખામોશી, ભયંકર ખામોશી સિવાય કંઇજ નથી. એના દિમાગમાં બની અહમરના શુરવીરો ફરી રહ્યા હતા. મયદાન બિલ્કુલ ખાલી હતું. પચ્ચીસ વર્ષ થયા કે ઇન્દિલુસ (સ્પેઇન)ની ભૂમિએ ઉલ્ટી કરીને તમામ અરબોને હમેશાંને માટે ઓકી નાખ્યા હતા.

ઇબ્ને સિરાજનું મસ્તક ભમવા લાગ્યું. તે દાંત ભીંસીને પોકાર્યોઃ "તો શું મારા બુઝુર્ગોને હાંકી કાઢીને આ બંડખોર સ્પેઇનીસ કુફ્ફાર એજ છતો નીચે પગો પહોળા કરીને આરામ સાથે સુઇ રહ્યા છે ? હું ઇબ્ને સિરાજ, બની અહમરનો ચિરાગ પોતાના પૂર્વજોનાં વતનમાં પરદેશી થઇ ફરૂં. તદ્દન એકલો અટુલો, મિત્ર મદદગાર વગર, ઝલીલ અને ફકીર, ઠોકરો ખાઉં ? રાતો આંખોમાં વિતાડુ અને આ કમબખ્તો

મારા વડીલોના બનાવેલા મહાલયોમાં અયશ કરે ! હાય ઝાલિમ આસ્માન ! તારા નીચે જરાપણ ઈન્સાફ નથી ! ”

પછી તે ઝમાનાના ઇન્કિલાબો, ઇન્સાની કિસ્મતના પરિવર્તનો, મુલ્કોની વયરાની, શહિન્શાહોની બરબાદી અને ખાસ કરીને ગરનાતાની કાયાપલટ ઉપર વિચાર કરવા લાગ્યો. એણે વિચાર્યું કે આ શહેર કેવું સુરક્ષિત હતું ! કેટલું ખુશહાલ હતું ! પરંતુ જંગલી દુશ્મનોએ તેના પુષ્પોના તાજને છુંદીને ફેંકી દીધો અને તેને ફવલાદી બેડીઓમાં જકડી લીધો. આ વકતે એની કલ્પનામાં દેશપાર થએલા અરબોની ટોળીઓ નઝરે પડી. એણે જોયું, ગરનાતાની સડકો ઉપર કીંમતી વસ્ત્રો પરિધાન કરેલા અરબ સરદારો અને તેમની ખાતુનો કેવી બૂરી રીતે નાસી રહી છે. જાણે શાદીની મેહફિલમાં આગ લાગી છે. અને બરાતીઓ પોતાના સુશોભિત કપડાઓમાં આમતેમ ભાગી રહ્યા છે. પછી એને પોતાના દાદા અબૂ અબ્દુલ્લાહની તબાહ હાલ શાહી સવારી નઝરે પડી. સાથે ચાલતું શાહી ખાનદાન પણ દેખાયું. બધા મસ્તક નમાવી હસરત અને ઈબ્રત સાથે દેશપાર થવાને દર્યાકાંઠે જઈ રહ્યા છે !

આ પ્રકારની તસ્વિરો એના દિમાગમાં આવતી જતી હતી. એ પોતે પોતાનાથી બિલ્કુલ બેખબર હતો. જે તરફ પગ ઉપડી ગયા ચાલ્યો જતો હતો. અચાનક રોકાઇ ગયો ગભરાઇને માથું ઉઠાવ્યું અને પૂર્વ તરફ જોવા લાગ્યો. સૂર્ય પોતાના નૂરાની કિરણોરૂપી તીરો ફેંકવાની તૈયારીમાં હતો. હવે ઈબ્ને સિરાજ સરાથી ઘણી દૂર નીકળી આવ્યો હતો. એક બાગની આગળ ઉભો હતો. આખું શહેર નિંદ્રામાં પડેલું હતું. દ્વારો અને બારીઓ બંધ હતી. સડકો ઉપર સન્નાટો હતો. માત્ર કુકડાઓની બાંગ સંભળાતી હતી, જે ગરીબ ઘરોમાં ઉભા માતમ કરી રહ્યા હતા.

૫

મનમોહિની માર્ગદર્શિકા.

ઇબ્ને સિરાજ દૂર સુધી ચાલ્યો ગયો. હવે તે પાછો ફરવા ચાહતો હતો પણ માર્ગ ભૂલી ગયો હતો. કોઈપણ માણસ સામે ન હતો કે તેને પૂછી જુએ. અત્યંત પરેશાન થઈ થોભી ગયો. અકળાઇને આમતેમ જોવા લાગ્યો. અચાનક એક દ્વાર ખુલવાની આવાઝ આવી. ઇબ્ને સિરાજે નઝર ઉઠાવી. દિગમૂઢ થઈ ગયો. શું જુએ છે? એક પરીજમાલ કુમારિકા બાહિર નિકળી રહી છે. બિલ્કુલ એથેન્સ-વાળી મુહબ્બતની દેવી (વીનસ) જણાય છે. સુડોલ શરીર ઉપર સિયાહ મખમલી લિબાશ, ઢીલી શલવાર, મસ્તક ઉપર સિયાહ ઓઢણી, ઓઢણીના પાલવ સીના સુધી લટકેલા, ડાબા હાથથી તેમને હડપચી આગળ એવી રીતે પકડેલા કે પૂરો ચહેરો ઢંકાઈ ગયો હતો. સિયાહ મ્હોટી મ્હોટી આંખો, અણીયાળું નાક અને ગુલાબની પાંખડીઓ કરતાં પણ વિશેષ નાઝુક બારીક હોઠો સિવાય કંઈપણ નઝરે પડતું ન હતું. પાછળ નવકરના હાથમાં પવિત્ર પુસ્તક (બાઈબલ) હતું. થોડાક કદમને છેટે બે બીજી સેવિકાઓ અદબ સાથે ચાલતી હતી. કુમારિકા પાસેના કલીસામાં પ્રાર્થના માટે જતી હતી, જેના ઘંટ હવે વાગવા શરૂ થયા હતા.

ઇબ્ને સિરાજ નઝર પડતાંજ વિચારવા લાગ્યો, કે શાયદ હૂર છે. રિદવાનની આંખોથી બચીને જન્નતમાંથી નાસી આવી છે. નાઝનીને અરબ નવજુવાનને જોયો, તો તેની છાતી પણ ધડકવા લાગી. બન્નેની નિગાહો મળી ગઈ, બલ્કે આપસમાં ભેટી પડી. કુમારિકા

ઈબ્ને સિરાજને, એના અમ્મામાને, એના જુબ્બાને, એની હિલાલી તલ્વારને, ધ્યાનપૂર્વક જોવા લાગી. સવારની સુહાની રવશનીએ નવયુવાનના સુંદર ચહેરામાં એક અજીબ રવનક અને કયફીયત ઉત્પન્ન કરી દીધી હતી.

કુમારિકા જલ્દી સ્વસ્થ થઈ. તેણીએ પ્રભાવપૂર્વક એ આગંતુકને પોતાની પાસે આવવાનો ઈશારો કર્યો. "અરબ શરીફઝાદા !" કુમારિકાની મધુરી આવાઝ બુલંદ થઇ. "એવું જણાય છે, તમે ગરનાતામાં નવાસવા આવેલા છો. શાયદ માર્ગ ભૂલી ગયા હો ?"

ઈબ્ને સિરાજ એક પળ દિગમૂઢ રહ્યો, પછી પોતાની અરબી ફસાહતમાં બોલ્યોઃ

"હાં, હે આંખોની ઠંડક ! નસરાની હૂર ! તારૂં માનવું ખરૂં છે. હું આ શહેરમાં નવોસવો આવેલો છું. માર્ગ ભૂલી ગયો છું. અરબીસરામાં મારો મુકામ છે. મુહમ્મદ (સલ–)નો ખુદા તારા દિલની નેકી કાયમ રાખે ! આ હમદર્દીનો તને સવાબ બખ્શે !"

સ્પેઇનીસ કુમારિકા મુસ્કરાઈ.

"અરબો સભ્યતા અને ચાતુર્યમાં અજોડ છે." તેણે આંખો મિલાવીને કહ્યુંઃ "હું ન હૂર છું. ન આંખોની ઠંડક છું ! મારી સાથે ચાલો, રસ્તો બતાવી દઉં."

સ્પેઈનીસ કુમારિકાએ સંતોષી કદમોએ ચાલવા માંડયું. ઈબ્ને સિરાજ ઝરા પાછળ હતો. તે એ તમન્ના કરી રહ્યો હતો કે સરા દૂર થઇ જાય, માર્ગ કદી ખત્મ ન થાય !

કુમારિકાએ એક ઈમારત તરફ ઈશારો કર્યો, અને પાછી ફરી ગઈ.

૬

અવમા

હાય ! હવે અમે એક નવા ગમમાં ગરકાવ થઇએ છીએ. દુન્યામાં કયાંએ આનંદનું અસ્તિત્વ નથી. દરેક તરફ દુઃખોનો અપાર સિલસિલો પ્રસરેલો છે. હવે માત્ર વડીલોના વતનનું ઝખ્મજ ઈબ્ને સિરાજનું કાળજુ કોતરી રહ્યું ન હતું હવે ગરનાતા એની નઝરમાં તેવું વેરાન અને દિલચસ્પી વિનાનું રહ્યું ન હતું, જેવું કે થોડી પળો પહેલાં હતું. હવે તો એને ગરનાતા દુન્યાના બધા શહેરો કરતાંએ વધુ પ્યારૂં હતું. હવે ખૂબસૂરત ગરનાતાનું સૌંદર્ય એની નઝરમાં અદ્વિતીય થઈ ગયું હતું. હવે બુઝુર્ગોની યાદ સાથે ઇશ્ક અને મુહબ્બતનો એક નવો જુસ્સો એની અંદર ફૂટી નીકળ્યો હતો.

ઈબ્ને સિરાજ ગરનાતામાં દાખલ થવા પહેલાંજ પોતાના ખાનદાનનો ખંડિયર મકબરો જોઇ ચૂકયો હતો. તે વકતે ભાંગી તૂટી કબ્રો જોઇને ઝારઝાર રડયો હતો; પરંતુ હવે એનું હૃદય સંતોષ અનુભવી રહ્યું હતું. "મારા બુઝુર્ગો તેવી બદ-બખ્તીમાં નથી, જેવી હું સમજતો હતો." એ વિચારવા લાગ્યો. "ઝુરૂર એ નાઝનીન કદી એ મકબરા તરફથી પસાર થઈ હશે અને તેમની જીર્ણ હડ્ડીઓ ખડખડાટ હસી પડી હશે."

પહેલાં એનો ઈરાદો હતો કે દરરોઝ કબ્રસ્તાન જતો રહેશે પણ હવે એનો એ ઈરાદો બદલાઈ ગયો. હવે એ જડી બુટ્ટી શોધવાનું પણ છોડી બેઠો. હવે એને માત્ર એકજ વસ્તુની શોધ હતી અને તે નસરાની હૂરની. જે એનું દિલ ચોરી ગઈ હતી.

*

એ કંઇક થાકયો. કયાં કયાં રખડવું પડયું ? કોઇ ગલીકુંચી બાકી મૂકી નહિ, પણ તે મકાન કોઈપણ પ્રકારે જડયું નહિ; જેના દ્વારમાંથી બદરે મુનીર–પૂર્ણિમાનો ચંદ્ર–પ્રગટતો તેણે જોયો હતો. દરેક કનીસાની ઘંટી, દરેક કુકડાની બાંગ, તેને માટે ઘેલછાનો પયગામ હતો. તે બેઇખ્તિયાર દોડી પડતો. ચારે તરફ જોતો ફરતો. જાણે દિવાનો છે. વારંવાર એને ધોકો પણ થયો. અનેક નસરાની નાઝનીનો પ્રિયતમાના લિબાસમાં નઝરે પડી. સમજ્યો કે ખોવાયલું મોતી મળી ગયું. શવક ભર્યો દોડયો પરંતુ નિરાશા સિવાય કંઇએ મળ્યું નહિ. બધીય રૂપવતી હતી, પરંતુ " તેના " રૂપનો એક અંશ પણ એમને મળેલો ન હતો.

તમામ કલીસા (ઈસાઇ દેવળો)માં ફરી આવ્યો. પરહેઝગાર ઇસાઈ પેઠે દરેક (ઇસાઇ પ્રાર્થના)માં હાઝરી આપી, પરંતુ હંમેશાં નિષ્ફળ પાછો ફર્યો બરાબર રખડતો રહ્યો, એટલે સુધી કે ફર્ડિનન્ડ અને ઇઝાબેલાની કબ્રો ઉપર પણ જઇ આવ્યો. આ કબ્રોનું જોવું એના આત્મા માટે સૌથી મહાન મુસીબત હતી. પ્રેમના પંથમાં એના કરતાં વિશેષ અન્ય કોઈ રન્જ એને પહોંચ્યું નથી. "ઇબ્ને સિરાજ અને આ દીન અને મિલ્લતના દુશ્મનોની ઝયારત." ગમનાક આવાઝે એ પોકારી ઉઠયો.

"અઝાન દી કઅબેમેં, નાકૂસ દયરમેં ફૂંકા.
કહાં કહાં તેરા આશિક તુજકે પૂકાર આયા."

એક દિવસ રોજના નિયમ પ્રમાણે વાદીએ હદરહમાં ફરી રહ્યો હતો. કસરે હમ્રા અને કસરે જનીલીફ (જન્નતુલ અરીફ)ના મર્ગઝાર દક્ષિણે હતા. ઉત્તરે એક ટેકરા ઉપર મશહૂર મુહલ્લો બયાઝીન પોતાના

મનરંજક બાગોની સાથે પ્રસરેલો હતો. ગરનાતાના કલીસા (જે કયારેક મસ્જિદો હતા) સરૂ અને સનૂબરના પ્રફુલ્લિત વૃક્ષોની ઘટામાં પોતાના ગગનગામી મિનારા બુલંદ કરીને ઉભા હતા. પૂર્વમાં દ્રષ્ટિમર્યાદા સુધી દિલચસ્પ દ્રશ્યો ફેલાયલા હતા. પ્રકાર પ્રકારના રૂપઘાટની શિલાઓ, સાધુઓની ઉદાસ કુટીઓ અને પ્રાચીન ઇમારતોના ખંડિયેરો હતા. શલીર પર્વતના શિખરોથી દૂર દર્યાના કિનારાઓ ઉપર પવનચક્કીઓ ઉભી હતી. અને અરબોનો બનાવેલો પૂલ પણ દેખાતો હતો

ઇબ્ને સિરાજની હાલત અજીબ થઈ હતી. હવે ન તકલીફ હતી ન રાહત હતી; ન ખુશી હતી ન ગમ હતો. એકાંતમાં એનું દિલ ગભરાવા લાગ્યું હતું, જેથી આ મર્ગઝારોમાં આવીને ફરતો રહેતો હતો.

એનો આ પ્રવાસ કોઈ મન્ઝિલે મકસૂદ ધરાવતો ન હતો. જે તરફ મોંહ ફર્યું, જતો. ઇરાદા વિના ચાલ્યો જતો. એક દિવસ એની નઝર વૃક્ષોની હાર ઉપર પડી અને તે તરફ ચાલી પડયો. આ હાર, ઉંચાઈ ઉપર એક મકાનની આગળ પહોંચીને પૂરી થઇ ગઈ ઘર નારંગીના વૃક્ષોમાં છુપાયલું હતું. ઇબ્ને સિરાજ તેની પાસે પહોંચ્યો તો ત્યાં ગાવા વગાડવાની આવાઝ સંભળાઈ.

નાઝીનીનો–સુંદરીઓના સાદ અને તેમના શરીરની હરકતમાં એક ખાસ સમાનતા હોય છે. આશિકો તેને ખૂબ સમજે છે. ઇબ્ને સિરાજ સાદ સાંભળતાંજ ઉછળી પડયો.

"એજ મારી મેહબુબા છે!" તે બેખૂદીની સ્થિતિમાં કોઇને પણ ઉદ્દેશ્યા વિના પોકારી ઉઠયો.

એણે કાન ખોલી દીધા. દિલમાં અનહદ વ્યાકુળતા હતી. અચાનક એને 'બની અહમર'નો શબ્દ સંભળાયો. એનું દિલ ઔર પણ વધુ ધડકવા લાગ્યું.

તે સમયે સુંદરીઓ બની અહમરનાજ એક ઐતિહાસિક બનાવનું ગીત ગાઈ રહી હતી. ઈબ્ને સિરાજને માટે પોતાના ખાનદાનનું નામ સાંભળવા પછી રોકાવું અશક્ય હતું. દિવાના પેઠે મકાનમાં ઘુસી પડયો. હૂરોની મેહફિલ જામી હતી. અજાણ્યાને જોઇને વનવાસી હરણીઓ પેઠે તેઓ ભડકી ગઈ. અને બ્હીકથી બૂમો પાડી ઉઠી, પરંતુ મુખ્ય ગાનારી હાથમાં રબાબ લઇને પહેલાં જેવીજ બેઠેલી રહી. તે અજાણ્યાને તુરત ઓળખી ગઈ. ચંદ્ર પણ કદી છુપાયો છે? પોતાની સખીઓ પ્રત્યે તેણીએ પ્રભાવપૂર્વક જોયું.

"આજ તે શરીફ અરબ છે!" તેણીએ પોતાની મધથી મીઠી વાણીમાં કહ્યું, સૌની બ્હીક દૂર થઈ. તેઓ શાન્તિ સાથે બેસી ગઇ.

"અય જીન અને ઈન્સાનની મેહબૂબા!" ઇબ્ને સિરાજ નાઝનીન સાથે આંખો મિલાવીને બોલ્યો. "હું તને એવી રીતે શોધતો ફર્યો છું, જેમ બદવી રણમાં પાણી શોધતો ફરે છે. તારા નૂરાની વદનની શોધ એવી હતી, જેમ અંધકારમય રાતે મુસાફિરને ચંદ્રની હોય છે. હમણાંજ મેં તારી આવાઝ સાંભળી. તું મારીજ અરબ કવમના કારનામા ગાઈ રહી હતી. હું તને તારી આવાઝ ઉપરથી ઓળખી ગયો અને વગર રઝાએ અંદર ચાલ્યો આવ્યો. જેથી તારા ચર્ણો ઉપર આ દિલ કુરબાન કરી દઉં."

"તમારીજ યાદમાં બની અહમરનું આ ગીત ગાઇ રતી હતી."– **અવમા** બોલી (એ કુમારિકાનું એજ નામ હતું) "મેં જ્યારથી તમને જોયા છે ત્યારથી એવુંજ કલ્પતી રહી છું કે અરબ બહાદૂરો તમારા જેવીજ સૂરતના હશે."

આ વાક્યો બોલતાં અવમાના ગાલો ગુલાબી થઇ ગયા. જાણે પાણીમાં શરાબ પ્રસરી ગઇ. ઈબ્ને સિરાજના શરીરમાં પણ કંપની એક લહેર દોડી થઈ સમીપ હતું કે તે સ્પેનીસ સુંદરીના ચર્ણોમાં પડી જાય અને સાફસાફ કહી દે કે હુંજ બની અહમરનો ચિરાગ છું; પરંતુ રોકાઇ ગયો. મુહબ્બત જો કે નસેનસમાં પ્રસરી ગઈ હતી, પણ દિમાગ હજુ ઠેકાણે હતું. એણે વિચાર્યું, જો ભેદ ફૂટી જશે તો ગરનાતાની હુકૂમત હરગીઝ સાંખી શકશે નહિ. બની અહમરનું રાજ્ય જવાને હજુ પચ્ચીસજ વર્ષ થયાં છે. અબૂ અબ્દુલ્લાહના પૌત્રની સ્પેઈનમાં મવજૂદગી રાજ્યને જાતજાતની શંકાઓમાં નાખી દેશે.

ઈબ્ને સિરાજ ડરપોક ન હતો. મવતની બ્હીકથી એનું બહાદૂર દિલ બેપરવાહ હતું. પરંતુ એ આ "ઇન્દિલુસી ફૂલ"નો વિયોગ સહી શકતો ન હતો. એને યકીન હતો કે પ્રિયતમાનો વિયોગ હલાક કરી નાખશે. જેવોજ વિયોગનો વિચાર આવ્યો એની આંખોમાં આંસુઓ ભરાઈ આવ્યાં.

૭

સાલગિરહનો જલસો

અવમા તે ખાનદાનની હતી, જેની વંશાવળી 'બયફાર' સાથે મળી જાય છે. બયફારજ તે શખ્સ છે. જેણે મુસલમાનોને અલન્સિયામાંથી કાઢી મૂક્યા હતા. પછી ગરનાતાના વિજયમાં બયફારના એક પૌત્રે હિમ્મત અને વીરતાના એવા જવહર દાખવ્યા હતા કે આખો દેશ તેનો પ્રશંસક બની ગયો હતો. એજ શખ્સ અવમાનો

પિતામહ હતો. શાહ ફર્ડિનન્ડે તેની સેવાઓ વિસરી નહિ બલ્કે મુસલમાનોની દેશપારી પછી તેને અરબોની ઘણી જાએદાદો જાગીરમાં આપી. અને "ડયુક સન્ટાવી"નો ખિતાબ અર્પણ કર્યો. આ ડયુક ગરનાતામાંજ રહી પડયો. પણ ભરજુવાનીમાં મૃત્યુ પામ્યો. એનો માત્ર એકજ પુત્ર હતો. તેનું નામ ડયુક લઝારાક હતું. અવમા એનીજ પુત્રી હતી. આ બનાવ સમયે તે ઝિન્દા હતો.

અવમાનો એક ભાઇ પણ હતો. એનું નામ લઝારાક કાર્લોસ હતું. એ ભયંકર હાલતમાં મ્હોટો થયો હતો. મ્હોટા મ્હોટા ભયોમાંથી પસાર થયો હતો. તેણે સખ્ત મુસીબતો ઉઠાવી હતી. આવી રીતની ઝિન્દગીએ એને અનહદ દિલેર અને બહાદુર બનાવી મૂકયો હતો. હજૂ તો તે ચઉદ વર્ષનો જ હતો કે સિપાહ સાલાર કોરતેઝની સાથે મેક્સિકોના યુદ્ધમાં રવાના થઈ ગયો. ત્યાં અવર્ણનિય કષ્ટો વેઠવાં પડયાં. એણે પોતાની આંખોએ તે અંજાણી દુન્યા (અમેરિકા) ની સલ્તનતને બરબાદ થતી જોઈ. મેક્સિકોથી પાછા આવ્યા બા'દ યૂરપમાં બાવ્યિાના ઐતિહાસિક જંગમાં તે શરીક થયો અને મ્હોટું નામ કમાયો.

આ અસાધારણ હાલત અને કષ્ટોએ એના દિમાગ ઉપર એક અજીબ અસર ઉત્પન્ન કરી. એ "ધર્મસેવકો"ની સંસ્થામાં દાખિલ થઈ ગયો. દુન્યા પ્રત્યેથી મુંહ ફેરવી લીધું. શાદી કરવાથી ઇન્કાર કર્યો. અને પોતાની તમામ દવલત અને પિતાની જાએદાદમાં પોતાનો હક પોતાની બ્હેન અવમાને આપી દીધો.

અવમા પોતાના મહત્વાકાંક્ષી અને મહાન ભાઈની એકની એક બ્હેન હતી. ભાઈ કરતાં તે વયમાં ન્હાની હતી. પોતાના પિતાને અનહદ પ્યારી હતી. એની માતા મરી ગઈ હતી. ઇબ્નેસિરાજ સાથે મુલાકાત સમયે એની વય માત્ર અઢાર વર્ષની હતી.

અવમા નખથી શીખ પર્યંત ફિત્નો અને જાદૂ હતી. ખુશી અને આનંદ હતી. શરાબની મસ્તી હતી. લાવણ્યની દેવી હતી. ગુલાબની નઝાકત હતી. શરીર સરૂ જેવું હતું. એના ગાલોમાંથી શોભલા નીકળતા હતા. પેશાની ચાંદનો ટુકડો હતી. આંખો એવી કે છૂરો લજાય. આ પરીજપાલ ખરેખર રૂપરૂપનો અંબાર હતી. એની આવાઝ રૂહોને વજદમાં લાવતી હતી. બુલબુલનું શું ગજું કે મુકાબલો કરી શકે? નૃત્ય પણ કરતી હતી, પરંતુ એવું નૃત્ય કે ઉપાવાયુમાં ડાળીઓ પોતાનું હલન ભૂલી જાય. કદી ગાડીમાં બેસીને હવા ખાવાને નીકળતી. કદી ઘોડો દોડાવતી ફરતી. અનેક ભિન્ન ભિન્ન વિરોધી ગુણોનો સંગમ હતી. નાઝ ફ્રાન્સીસી હતા. તેજ સ્પેનીસ હતું. હાસ્ય સાથે પ્રભાવ હતો. બેબાકી સાથે પ્રતાપ હતો ખેલકુદ સાથે અદબ હતો. ઈશ્ક એની નિશ્ચય શક્તિ ઉપર સરસાઈ ભોગવી શકતો ન હતો.

જે સમયનો અમે બનાવ વર્ણવી રહ્યા છીએ. અવમાનો પિતા ડયુક લઝારક એજ મકાનના એક બીજા ભાગમાં મવજૂદ હતો. ઈબ્ને સિરાજના અચાનક અંદર આવવાથી બાળાઓએ ભયની ચીસ પાડી. તે એણે સાંભળી અને દોડતો આવી પહોંચ્યો. અવમાએ તુરત પિતાને કહ્યું: "આજ તે શરીફઝાદો છે, જેનું વર્ણન મેં આપની આગળ કર્યું હતું. એણે મારો સાદ સાંભળ્યો અને અંદર ચાલ્યો આવ્યો કે સરા સુધી પહોંચાડવા માટે આભાર માને."

ડયુક સન્ટાવીએ ઈબ્ને સિરાજનો તેવોજ સાદો પણ ગંભીરપણે સત્કાર કર્યો જેવો સ્પેઈન વાસીઓનો નિયમ છે. આ કવમ ખુશામદ કરવાનું જાણતી નથી. કોઈની ઝબાને એક પણ હલકો શબ્દ સાંખી શકતી નથી. ભિખારીઓની બોલી પણ બાદશાહો જેવી

છે. એકજ પ્રકારની સલામ બધાય માટે છે. આદાબ અને સંબોધન પણ એકજ રીતનાં છે. આ લોકોમાં જેટલા પ્રમાણમાં અમાનત, વચનપાલન, સદ્‌વર્તન અને મેહમાનનવાઝી છે; એટલીજ વેરવૃત્તિ, ક્રોધ અને ઈઝઝતનો જુસ્સો પણ પ્રબળ છે. અત્યંત બહાદૂર ક્વમ છે. ફ્વલાદી દિલ ધરાવે છે. કિસ્મતની આગળ નમ્રતા પ્રદર્શિત કરતા નથી. તકદીરથી કદી હારતા નથી. હંમેશાં તખ્ત અથવા તખ્તો તેમની દ્રષ્ટિ આગળ રહે છે. વિશેષ બુદ્ધિના ધણી નથી; પરંતુ મઝબૂત હિમ્મત, આશાભર્યાં દિલ અને ચતૂરાઇના ધણી છે. હમીય્યતની ઉષ્ણુતાએ એમને અક્કલના નૂરથી અળગા કરી દીધા છે. ઘણીવાર એક સ્પેઇનીસ આખો દિવસ એવી હાલતમાં વિતાવી દે છે કે કોઈ સાથે પણ બોલતો નથી. કોઇને પણ જોતો નથી. કોઇનો પણ સાદ સાંભળતો નથી. કંઇપણ વાંચતો નથી. કંઇપણ લખતો નથી. કંઇપણ વિચારતો નથી. છતાં એની બુલંદ હિંમ્મત અને ઉચ્ચ વિચારો એને ઝમાનાના કષ્ટો સહેવાને માટે હંમેશાં તૈયાર રાખે છે.

સંજોગે એ દિવસ ડ્યુક લઝારકની સાલગિરાહનો હતો. આજનો જલસો ખરી રીતે એ કારણેજ હતો. અત્મા એજ ખુશીમાં પોતે ગાઈ વગાડી રહી હતી. ડ્યુકે ઇબ્ને સિરાજને સુંદરીઓના ટોળામાં બેસવાનું આમંત્રણ આપ્યું. તે આ અંજાણ્યાના અજીબ લિબાસ, અમ્મામા અને જુબ્બા ઉપર તઅજૂબમાં હતો. તુરત રેશમી ગાલીચા પાથરી દેવામાં આવ્યા. અને અરબ મુસાફર પોતાની અરબી ઢબ પ્રમાણે તેના ઉપર બેસી ગયો. હવે નાઝનીનોએ છૂટથી વાતો કરવા માંડી. એના દેશની હાલત, સફરની હાલત પૂછવા માંડી. એ ખુશી અને હાઝિરજવાબીથી જવાબો આપવા લાગ્યો. તે સ્પેઇનીસ ભાષા એવી ખૂબી સાથે બોલી શકતો હતો કે જાણે સ્પેઈનવાસીજ ન હોય.

ફેર માત્ર એટલોજ હતો કે સંબોધન અને બહુવચનમાં 'કાફ' વધારી દેતો હતો. 'કાફ'નો ઉચ્ચાર એવો મધૂર કરતો હતો કે જ્યારે કોઇ સુંદરીને સંબોધતો તો અવમા ગુપ્ત ઇર્ષ્યા મહસૂસ કર્યા વિના રહી શકતી નહિં. પછી નવકરાનીઓએ કહવો હાઝિર કર્યો થાળોમાં રકાબીઓ મૂકેલી હતી. રકાબીઓમાં સ્પેઇનીસ મેવા અને મિઠાઇઓ ભરેલાં હતાં. ખાધા પછી ડયુકે અવમાને નૃત્ય કરવાની ફરમાઇશ કરી. તે નૃત્યમાં પોતાની જોડ ધરાવતી ન હતી. ઇબ્ને સિરાજ બિલ્કુલ ચૂપ થઈ ગયો, પણ એની આંખોએ વાતો શરૂ કરી. અવમા ઉઠી અને નૃત્ય શરૂ કર્યું; જે સ્પેઇનીસોએ અરબો પાસેથી શીખ્યું હતું. એક સુંદરીએ રબાબ ઉઠાવી લીધું અને આ નૃત્યનો ખાસ રાગ શરૂ કર્યો. અવમાએ પહેલાં ઘુંઘટ કરી લીધું. પછી બિલ્કુલ ઉલટાવી નાખ્યું. કાળી નાગણ જેવી સિયાહ ઝુલ્ફો ગોરી ગરદન ઉપર વિખરાઇ ગઇ. નાઝુક આંગળીઓમાં આબનૂસની ગુટકીઓ લીધી. એક તરફ રબાબ વાગી રહ્યું હતું. બીજી તરફ ગુટકીઓ વાગી રહી હતી. ત્રીજી તરફ અવમાનું નૃત્ય હતું; પરંતુ શી મજાલ કે ત્રણેમાં કંઈપણ ફરક પડે! આ સમયે અવમાનું સૌંદર્ય અવર્ણનીય હતું. નાઝુક હોંઠ અને નરગીસી આંખો એકી સાથે મુસ્કરાઇ રહી હતી. દિલની ગરમીથી ચેહરો તમતમી ઉઠ્યો હતો. હવે જોશમાં આવીને તેણે ગાવા માંડયું. એની આવાઝ વાજીંત્રોનો પૂરેપૂરો સાથ આપી રહી હતી. સુબ્હાનલ્લાહ! એના હાવભાવનું શું કહેવું. કદી હાથ જલ્દીથી ઉઠાવતી અને ધીમે ધીમે નીચે ઝુકાવતી કદી શરાબના મતવાલા પેઠે ઝડપથી વધતી અને પછી એવી રીતે પાછા હઠવું શરૂ કરતી કે જાણે થાકી ગઇ છે. પછી મસ્તક ફેરવતી અને એવી રીતે ઇશારો કરતી જાણે કોઇને દૂરથી પોકારી રહી છે. પછી ગરદન એક તરફ એવી રીતે ઝુકાવતી

જાણે ખૂદ પોતાનાજ રૂખસારોનું ચુંબન લેવા ચાહે છે. પછી એવી રીતે પાછળ હઠતી જાણે શર્મથી પીળી પડી ગઈ છે. પછી ચમકતા ચહેરા સાથે પાછી ફરતી અને ભૂમિ ઉપર ઝોરથી કદમ મારતી મારતી આગળ વધતી, જાણે કોઇ જવાંમર્દ સિપાહી હુમલો કરે છે. હરીયાળી ઉપર દબદબો દર્શાવતી દોડતી. દર્યાના મવજાઓ પેઠે વહેતી. એના હાવભાવ, આવાઝ અને રબાબના સૂર બિલ્કુલ મળી ગયા હતા. ઝરા પણ વધઘટ કે ઉંચનીચ થતી ન હતી. એનો દરેક અલાપ દિલોનેજ નહિં બલ્કે પત્થરોને પણ ડોલાવનારો હતો. સ્પેનીસ સંગીત ખૂદ મસ્ત બનાવવાને કાફી છે. વળી તેમાં આનંદ અને ગમ બન્નેનો એવી ખૂબી સાથે સંગમ થઇ ગયો છે કે હયરત થાય છે.

આ એકજ મજલિસ એ વાતને માટે બિલકુલ કાફી હતી કે ઇબ્ને સિરાજના દિલમાં ઇશ્ક સંપૂર્ણપણે સ્થાન જમાવી લે. ઇબ્ને સિરાજ તો શું પાષાણની શિલા પણ હોત તો મુહબ્બતની ગરમીથી પીગળી જાત.

સાંજે એ લોકો વાદીએ હદરહને માર્ગે ગરનાના પાછા ફર્યા. ડ્યુક લઝારક, ઇબ્ને સિરાજની ગંભીરતા તેહઝીબ પ્રભાવ અને બુદ્ધિ મહત્તાથી ઘણો જ આકર્ષાયો. તે એનાથી પ્રેમ કરવા લાગ્યો. અવમાને એની સાથે જોઈને ઘણો જ ખુશી થતો. ખૂદ અમારા અરબ પ્રવાસીનો પણ સૌથી વિશેષ આનંદ એમાંજ હતો કે રોજ ડ્યુકની દા'વત કબૂલ કરે.

અવમા પણ મુહબ્બતના ફંદામાં પૂરી રીતે ફસાઈ ગઈ હતી. પહેલાં તો તેને અશક્ય જણાતું હતું કે મુહબ્બત આટલે દરજ્જે સખ્ત હોઈ શકે છે; બલ્કે એક અંજાણ્યા પરદેશી મુસલમાન સાથે

પ્રેમ કરવો મહાલ સમજતી હતી, પણ હવે મહસૂસ કરતી હતી કે પોતે સરાસર મુહબ્બતના હાથે વેચાઈ ગઈ છે. મુહબ્બત એની રગોરગમાં લોહી સાથે દોડી રહી છે. હવે એને લોકોની ટીકાની પણ બ્હીક રહી ન હતી.

પરંતુ ઇશ્કની પ્રબળતા હોવા છતાં એ સત્ય અને સહન શક્તિને ત્યજવા ચાહતી નહતી. એ સ્પેઇનની ખાકમાંથી પયદા થઈ હતી. નિશ્ચય અને દ્રઢતા એની ગળચુંથીમાં પડયાં હતાં. મહાનથી મહાન મુસીબત પણ સહન કરી શકતી હતી.

"ઇબ્ને સિરાજ" અવમાએ પોતાના મનમાં કહ્યું "આહ, ઇબ્ને સિરાજ ઇસાઇ થઇ જાય તો ? પછી હું તેની જ છું. પછી મને દોઝખમાં પણ જવું કેમ ન પડે. ?"

એજ સ્થિતિ ઇબ્ને સિરાજની હતી. એને પહેલાંથી જ સમજાયું હતુ કે પ્રેમમાં પરાજીત થઇ ગયો છે. હવે હૃદયમાં અવમા સિવાય કોઈના પણ વિચાર માટે ગુંજાઇશ રહેવા પામી નથી. તે બિલ્કુલ ભૂલી ગયો હતો કે ટયુનીસથી આટલો લાંબો પ્રવાસ ખેડીને શા માટે આવ્યો છે ? જો કદી તેને ગરનાતાના અવશેષોની શોધખોળનો વિચાર આવતો તો તે તેને તુરત હઠાવી દેતો. બ્હીતો હતો કે કદાચ ત્યાં કોઇ એવી વાત જાણવામાં આવી જાય કે જેનાથી આ દુશ્મન કવમની સુંદરીના પ્રેમમાં ફરક પડી જાય. દરેક વખતે અવમાની કલ્પનામાંજ તલ્લીન રહેતો. તે પોતાના દિલમાં બરાબર કહ્યા કરતો. "અવમા જો મુસલમાન થઇ શકતી નથી તો કમમાંકમ મારા મુસ્લિમ હોવા માટે વાંધો ન લે તો ? હું મારી આખી વય તેનો ગુલામ બનેલો રહીશ." બન્ને આશિકો જાણુતા હતા કે એક અજાણ્યા સંબંધથી બંધાઇ

ગયા છે પણ ચોખવટ સાથે વાતો કરવાની હિંમ્મત થતી ન હતી. મુનાસિબ મવકાની વાટ જોતા હતા કે પોતપોતાનું દિલ અરસપરસ ખોલીને મૂકી દે.

૮

કસ્રેહમ્રા

વસંત ઋતુ પોતાની બધીય લાવણ્યતા સાથે ઉર્મિઓમાં ઉછાળા ઉત્પન્ન કરવાને માટે મવજૂદ હતી. ડયુકની દિકરીએ એક દિવસ ઈબ્ને સિરાજને કહ્યું:—

"શાયદ હમણાંસુધી તમે કસ્રેહમ્રાની સહેલ કરી નથી. તમારી કેટલીક વાતો ઉપરથી જણાય છે કે તમારૂં ખાનદાન આજ ગરનાતાનું રહેવાસી હતું. તમને પોતાને પ્રાચીન બાદશાહોના મહાલયો જોવાનો ઝુરૂર શવક હશે. આજે બપોર પછી હું તમને મારી સાથે લઇ જઇશ."

"મુહમ્મદ (સલ.)ના રબની કસમ !" ઇબ્ને સિરાજ ઝટ બોલી ઉઠયો. "બેશક, મને એ મહાલયો જોવાનો અનહદ શવક છે. ખાસ કરીને જ્યારે તમારા જેવી માર્ગદર્શિકા બને."

અસર સમયે અવમા પોતાની સુંદર ગાડીમાં સવાર થઈ. ઈબ્ને સિરાજ પણ અસીલ અરબી અશ્વ ઉપર આરૂઢ થયો. ઘોડા ઉપર ઝર્રીન ઝીન કસેલી હતી. તુર્કી ઢબની ખૂબસૂરત ઝુલ પડેલી હતી. જાનવર ઘણોજ ચુલબુલો હતો. ઈબ્ને સિરાજ મઝબૂતી સાથે લગામ ખેંચી બેઠો હતો, પરંતુ અશ્વ ઉડી જવા ચાહતો હતો. ઇબ્ને સિરાજ શાહી શાનો શવકત સાથે સવાર હતો. એનો સુર્ખ જુબ્બો પાછળ હવામાં ઉડી રહ્યો હતો. હિલાલી તલ્વાર કમરથી લટકતી ઝીન સાથે

અથડાતી અને ખણુખણુતી હતી. એના સુંદર અમ્મામાનો શમલો (છેડો) કલગીની જેમ હાલી રહ્યો હતો. અરબ નવયુવાન કંઇ અજીબ આનબાનનો યુવાન હતો. માર્ગમાં બધાની નઝરો એના પ્રત્યે ઉઠી રહી હતી. દરેક ઝબાન એજ કહેતી હતી. "આ કોઇ મુસલમાન શાહઝાદો છે. અવમા એને મસીહત (ઇસાઇ ધર્મ)ની હિદાયત કરી રહી છે."

એક લાંબા શાહી માર્ગ ઉપર બન્ને જઈ રહ્યા હતા. આ સડક એક પ્રાચીન અરબ ખાનદાનના નામ ઉપરથી ઓળખાતી હતી. હમ્રા શહેરના બાહિરના કોટ આગળ પહોંચીને પૂરી થઈ. બન્ને એક ઘીચ બાગમાંથી પસાર થઇને સ્પેનના છેલ્લા બાદશાહ અબૂ અબ્દુલ્લાહના મહેલના અંદરના કોટ સુધી પહોંચી ગયા. ઈબ્ને સિરાજને હજૂ માલૂમ પડયું નહિ કે તે પોતાના દાદાના શાહી મહેલ આગળ છે. પછી એક દિવાર નઝરે પડી. એના ઉપર ઘણા બુર્જ બનેલા હતા. એમાં એક દ્વાર "બાબુલ હિસાબ" નામે હતો. ઉભય એમાં દાખિલ થયા. હવે એક ગલી મળી. એ ઉંચી દિવારો અને પ્રાચીન ખંડિયેરોમાં વળ ખાતી "દારૂલ જબ્બ" પાસે પૂરી થઇ. અહીંથી તેઓ ઉત્તર તરફ વળ્યા. અને મયદાન પસાર કરીને એક સાદી દિવારની સામે ઉભા થઇ ગયા જેની બધી નવીનતા અને સુંદરતા નિશદિનના ઘર્ષણે બિલ્કુલ બરબાદ કરી નાંખી હતી. ઈબ્ને સિરાજ તુરત ઝમીન ઉપર કૂદી પડયો અને અવમાને ઉતરવામાં મદદ કરવાને તેણે હાથ લાંબો કર્યો. નવકરે એક જીર્ણ ચોખવટના જૂના દરવાઝા ઉપર ટકોરા માર્યા. દરવાઝો ખુલી ગયો. "હમ્રા" પોતાની બધી દિલ ફરેબીઓ સાથે નઝર સામે હતો.

ઈબ્ને સિરાજનું દિલ સીનામાંથી નીકળી પડવાની લગભગ હતું. ઇન્દિલુસ (સ્પેઇન)ની બધી અઝમત પોતાના દામનમાં હઝારો ઇસ્રતો

લઇને એની આંખો આગળ મવજૂદ હતી. એનામાં અચાનક બધી કુવમી અને નસ્લી ઉર્મિઓ સંપૂર્ણ શક્તિ સાથે જાગૃત થઈ ગઈ. એક પળ માટે તે અવમાને પણ વિસરી ગયો. દિગમૂઢ, ચૂપચાપ હાથ બાંધીને આ જુન્નાતી ઇમારતની સામે ઉભો હતો. નઝરો મહેલ ઉપર એવી ચોંટી ગઇ હતી કે પલક સુદ્ધાં ઝપકતી ન હતી. એવું જણાતું હતું જાણે બે જડ આંખો લગાવી દેવામાં આવી છે.

કેટલીક વાર ભાનસુનો રહ્યો, પછી તેને ભાન આવ્યું. અવમાને એવી નઝરોએ જોઈ, જેનો કોઇ અર્થ નહિ. બન્ને આશિક અરબી સલ્તનત અને ભૂતકાળના સુભાગ્યના આ કેન્દ્રસ્થાનમાં દાખિલ થયા. પહેલાં તો મહેલમાં ફર્યા, જેનું નામ "અલ-મસવ કાર" છે. પછી "ઉસ્વદ" પ્રાસાદમાં ગયા. ઇબ્ને સિરાજની કંપારી બરાબર વધી રહી હતી.

"જો તમારા સંગાથે મને ખુશનસીબ બનાવી દીધો ન હોત" ઇબ્ને સિરાજે કંપતી આવાઝે કહ્યું. "તો ખરેખર મારે માટે એના કરતાં વિશેષ હસરત ભરી કોઇ વાત ન હોત કે આ મહાલયોનો ઇતિહાસ તમને પૂછું. આ મહેલ જે ફરવા હરવાને માટે બનાવવામાં આવ્યા હતા અને હું......"

બોલતાં બોલતાં તે અટકી ગયો, કેમકે એની નઝર એક અરબી લેખ ઉપર જઈ પડી; જે અત્યંત કળાપૂર્વક ખુશનુમા જડાવ કામમાં લખાયલો હતો.

"અબૂ અબ્દુલ્લાહ"

ઇબ્ને સિરાજ આ લેખ વાંચીને બે. ઇખ્તિયાર પોકારી ઉઠ્યો: "અબૂ અબ્દુલ્લાહ! હાય, મારા આકા! તને શું થઇ ગયું? હું

તને તારા "હમ્રા"માં માત્ર એકલો પામું છું. જો કે હમ્રા વેરાન છે." ઇબ્ને સિરાજના રૂખસાર ખાનદાની મુહબ્બત, વફાદારી, અમાનત અને મહાનતાના અશ્રુઓથી તરબતર થઇ ગયા.

"તમારા પ્રાચીન બાદશાહો અને રાજ્યકર્તાઓએ અલ્લાહે આપેલી નેઅમતોની કદ્ર બુઝી નહિં." અવમાએ હમદર્દીના લિહજામાં કહ્યું.

કંઇપણ હોય તે બદનસીબ હતા." ઇબ્ને સિરાજે હસરત સાથે જવાબ આપ્યો.

હવે અવમા એને તે કમરામાં લઇ ગઇ, જેને "હયકલે મુહબ્બત" કહેવામાં આવે છે. એ એક ન્હાનોસો હુજરો છે. છતો સુન્હેરી પાણીએ અને દિવારો લાજવર્દી રવગને રંગેલી અદ્દભુત નકશી કામે શણગારેલી છે. આ નકશીકામ એવા ઉભાર સાથે કરવામાં આવેલું છે કે દિવસની રવશનીમાં–બિલ્કુલ નૂરના અક્ષરો મા'લૂમ પડે છે. મધ્યમાં હૌઝ છે. આગલા સમયમાં એ પાણીથી છલોછલ રહેતુ હતું. હોઝની નીચે એક પોકળ પત્થર જડેલો છે. એ પત્થર ઉપર હૌઝમાંથી પાણી ઝરણા રૂપે પડે છે.

"આ હૌઝ જુઓ છો?" અવમાએ ઇબ્ને સિરાજને પૂછયું.

"સિરાજ ખાનદાનના શીરો એમાં કાપીને નાખવામાં આવ્યા હતા. હમણા સુધી એ દુર્ભાગીઓનું લોહી સંગે મરમર ઉપર નઝરે પડે છે. અબૂ અબ્દુલ્લાહે માત્ર શંકા ઉપરથી એમને કત્લ કરી નાખ્યા હતા. કદાચ તમારે ત્યાં તે લોકોની સાથે એવોજ વર્તાવ કરવામાં આવે છે, જે અવરતો સાથે મુહબ્બત કરે છે."

ઈબ્ને સિરાજ પોતાના વિચારોમાં એટલો બધો મગન હતો કે અવમાની વાત સાંભળી શકયો નહિ. તે પોતાના ઘુંટણો ઉપર ઝુકી પડયો. અત્યંત એકાગ્રતાપૂર્વક લોહીના ધબ્બાઓને ચુંબન કર્યું, પછી ઉભો થઈ ગયો.

૯

મુહબ્બતનો ઈકરાર

"અવમા !" તે જોશપૂર્વક બોલ્યો. "કસમ છે જવાંમર્દોના ખૂનની ! હું તારી સાથે એવીજ મુહબ્બત કરીશ, જેવી બની હઝ્રા અને બની સિરાજે પોતાની પ્રિયતમાઓ સાથે કરી હશે."

"તો શું તમને મારાથી મુહબ્બત ?" અવમાએ ગભરાએલી નઝરોએ જોઇને કહ્યું. પછી પોતાના બન્ને હાથો જોડયા અને આકાશ પ્રત્યે મસ્તક ઉઠાવીને બોલી: "પરંતુ હે શખ્સ ! યાદ રહે તું અરબ છે. મુસલમાન છે. દુશ્મન છે. હું ઇસાઇ અને સ્પેનીસ છું !"

"મુહમ્મદ (સલ.)નો ખુદા ગવાહ રહે........"

ઈબ્ને સિરાજ આટલું કહેવા પામ્યો હતો કે અવમા બોલી ઉઠી. "મને તે શખ્સના ખુદા ઉપર યકીન નથી. જે મારા ઇસુ મસીહનો દુશ્મન છે." પછી તેણે ભ્રકુટી ચઢાવીને કહ્યું:—"જો તમે જાણી ગયા છો કે મને તમારાથી મુહબ્બત છે, તો આ હિમ્મત તમને કેમ થઈ કે આ પ્રકારની વાતચીત કરો ?" ઈબ્ને સિરાજ દિગમૂઢ થઇ ગયો.

"સત્ય છે." કેટલીકવાર પછી તે અચકાતાં અચકાતાં બોલ્યો.

"હું તમારો માત્ર એક ગુલામ છું અને........"

અવમાએ ફરી વાત કાપી નાખી.

"હે અરબ! પરીશાન ન થા." તેણીએ સ્મિત ફરકાવીને કહ્યું. "ખરૂં ઉઝર, ઉઝર ત્યજી દેવામાં છે." પછી તે ગંભીર થઇ ગઈ. "તમે મારી ચક્ષુઓમાં પોતાની મુહબ્બતની લીટીઓ વાંચી લીધી છે. તમારી મુહબ્બત હવે ઘેલછાની હદે પહોંચી ચૂકી છે. ઈસાઈ બની જાવ પછી મને કોઈપણ શક્તિ તમારા પડખાથી દૂર રાખી શકતી નથી. યાદ રાખો ડયુક સન્ટાવીની દિકરી આટલી આઝાદી અને છુટ સાથે વાત કરે છે, તો તેમાં એટલી શક્તિ પણ મવજૂદ છે કે પોતાની ઉર્મિઓને દબાવી પણ શકે. પ્રેમને પોતાની બુદ્ધિ અને ધર્મ ઉપર અધિકાર જમાવવા ન દે. મસીહનો દુસ્મન હરગિઝ અવમાને હાંસીલ કરી શકતો નથી. અવમા દીન અને ઈમાનની વેદી ઉપર મ્હોટી આસાની સાથે પોતાના પ્રેમની કુરબાની આપી શકે છે!"

ઈબ્ને સિરાજે અવમાનો નાઝુક હાથ પકડી લીધો પહેલાં પોતાના અમ્મામા ઉપર મૂકયો, પછી પોતાના દિલ ઉપર મૂકયો.

"અવમા!" તેણે નમ્રતાપૂર્વક કહ્યું. "શું કહે છે? આપણે પોતપોતાના ધર્મ ઉપર કાયમ રહીને પણ આપસમાં મુહબ્બત કરી શકીએ અને જીવન સાથી થઈ શકીએ છીએ."

"નહિં, એ અશકય છે." અવમાએ તુરત જવાબ આપ્યો. "બેશક, મુહબ્બત કરી શકીએ છીએ પણ મુસલમાન અને ઈસાઇ આપસમાં શાદી કરી શકતા નથી. જો ઇચ્છા હોય તો ખુદાવંદ ઇસુ મસીહ ઉપર ઇમાન લાવો."

"હાય ઇચ્છા! હું તારા ઉપર પ્રાણ સુદ્ધાં કુરબાન કરી દેવાને તૈયાર છું. પણ મારી પાસે ઇમાનની માંગણી ન કર. મારા દીનની રૂએ આપણી શાદી થઈ શકે છે."

*

"પરંતુ હું ઇસુના દુશ્મનને મારો શૌહર બનાવી શકતી નથી!" "ઇસુનો દુશ્મન!" ઇબ્ને સિરાજ પોકાર્યો. "કસમ છે મુહમ્મદ (સલ.)ના રબની. હું સૈયદના મસીહ ઇબ્ને મરીયમ (અલ)નો દુશ્મન નથી. કોઇપણ મુસલમાન દુશ્મન નથી. અમે એમને અલ્લાહના સાચા પયગમ્બર માનીએ છીએ. જે મુસલમાન આ યકીન ન રાખે તે મુસલમાન જ નથી. માત્ર મસીહ અલયહિસ્સલાતો વસ્સલામજ નહિ. બલ્કે ખુદાના બધાય નબીઓ ઉપર અમારો ઇમાન છે." "જો એમ જ છે તો પછી ઇસાઇ કેમ થઇ જતા નથી?" અવમાએ ઝોરપૂર્વક કહ્યું.

"પ્યારી અવમા! એ અશકય છે. તું અણુસમજી વાતો કરે છે મઝહબને આ મા'મલામાં શા માટે દાખિલ કરે છે? મઝહબના દુન્યામાં એટલા માટે છે કે બધા ઇન્સાનો આપસમાં ભાઇ ભાઇ થાય. આપસમાં પ્રેમ રાખે. એટલા માટે નહીં કે એના નામે લડે. દુશ્મન બને."

"પરંતુ જયાંસુધી ઇસાઇ બનશો નહિં, ત્યાંસુધી મારા માલિક પણ બની શકશો નહિ."

"હું તારી સાથે મુહબ્બત કરતો રહીશ, પણ મારો દીન (ધર્મ) ત્યજીશ નહિં બરાબર વાર જોતો રહીશ, ત્યાં સુધી કે તું તારી હઠ મુકી દે."

"હું પણ તમારી સાથે પ્રેમ રાખતી રહીશ, પરંતુ ઇસાઇ થવા પહેલાં શાદી મન્ઝૂર કરીશ નહિં."

હઠીલા પણ ઇમાનના ચુસ્ત આશિકો કેટલીક વાર સુધી ચૂપચાપ એક બીજાને જોતા રહ્યા. ઇબ્ને સિરાજની સ્થિતિ અવર્ણનિય હતી- એવી રીતે સન્નાટામાં હતો, જાણે વિજળી પડી છે.

"અલ્લાહની કુદરત અનંત છે." છેવટે તેણે લાંબો ઠંડો શ્વાસ ભરીને કહ્યું. "ઇબ્ને સિરાજ હવે ખુશનસીબ છે કે હૂરોની હૂર! તું તેની સાથે મુહબ્બત કરે છે. મુહમ્મદ (સલ.)નો ખુદા જો ચાહશે તો તારા દિલને મહેરબાન બનાવી દેશે. પોતાનું નૂર તારા ઉપર ઉતારશે........"

અવમા વાત કાપીને બોલી ઉઠી. "ચાલો, અહિંથી જઈએ." આટલું બોલીને તેણે અરબ નવજુવાનનો ખભો પકડી લીધો અને તે સ્થળ તરફ વધી જેને "બાર સિંહોનો હૌઝ" કહે છે. એ કસ્રે હમ્રાનો સૌથી વિશેષ સુંદર ભાગ છે.

"પરદેશી!" અવમાએ નાઝથી કહ્યું. "હું જ્યારે જ્યારે તને, તારા અમ્માબાને, તારા જુબ્બાને, તારી સજધજને જોઉં છું; બની અહમરના શૂરવીરોનો વિચાર આવી જાય છે. ઝુરૂર તે તારાજ જેવા હશે?"

"ક્યાં બની અહમર અને ક્યાં ઇબ્ને સિરાજ? હું તો બની અહમરના ગુલામોનો ગુલામ છું." ઇબ્ને સિરાજે અચકાતા કહ્યું જો કે તે ઝુઠું બોલી રહ્યો હતો, કેમકે આ સમયે પૃથ્વી પર ઉપર બની અહમરની એકલી યાદગાર માત્ર ખૂદ તે જ હતો. જો કિસ્મત બદલાઈ ગઈ ન હોતતો, ગરનાતાના શાહી તખ્ત ઉપર એક દિવસ તે આરૂઢ થાત.

"આ હૌઝ ઉપર અરબીમાં આ શું લખેલું છે?" અવમાએ શવક પૂર્વક સવાલ કર્યો.

હૌઝ ઉપર અનેક શેઅરો કોતરેલા હતા, પણ ઝમાનાના ઘર્ષણથી મટી ચૂક્યા હતા. ઇબ્ને સિરાજ માત્ર આ બેજ શેઅર વાંચી શક્યો.

(અરબી શેઅરોનું ભાષાંતર)

"બાદશાહોની બેટીઓ બાગમાં એવી રીતે ફરે છે, જાણે લીલીછમ ડાળ ઉપર પૂર્ણિમાનો ચંદ્ર રમી રહ્યો છે."

"તેમની નાઝુક ગરદનોમાં મોતીમાળાઓ પડેલી છે, જો કે તેણીઓ ખૂદ મોતીજ મોતી છે."

પછી ઇબ્ને સિરાજે પ્રેમજોશથી અવમાનો હાથ પકડી લીધો. અને કહેવા લાગ્યો:—

"હે રૂપરાણી! આ લખાણ તારીજ શાનમાં લખાયલું છે. આ મહાલયો પોતાની યુવાનીમાં પણ આટલી રવનક ઉપર ન હતા, જેટલા આ જર્જરિત દશામાં છે. જાહોજલાલ તો ઝરા જો. આ નહેર નાગણ જેવી વળ ખાતી કેવી ચાલી જઇ રહી છે. આ જન્નતૈન! સુબ્હાનલ્લાહ, સ્વર્ગનો નમૂનો! કસમ ખુદાની આ હુજરાં, દીવાનખાના, મિહરાબો, દરવાઝાઓમાં તારી સાથે ફરવું મને કેટલું બધું પ્યારૂં છે! તારા શ્વાસોશ્વાસે એવી સુગંધી પ્રસારી છે કે આખો મહેલ મહેકી ઉઠયો છે. લાખો ગુલાબ ખીલી ગયા છે. તારી ઝબાન કેવી મધુરી છે. એમાં મને મારા પૂર્વજોનું ગીત મળે છે. સંગેમરમર ઉપર તારા દામનનું દરેક ઘર્ષણ મારા દિલને, દિલના અણુએઅણુને ઉશ્કેરી રહ્યું છે. તારી ઝુલ્ફોની ખુશબૂ મને વાયુમાં મળે છે. આ જન્નતમાં તારૂં રૂપ ફિરદોસની હૂરોને શર્માવે છે! "પરંતુ હાય! ઇબ્ને સિરાજ એટલો ભાગ્યશાળી કયાં છે કે તારા નિર્મળ હૃદયમાં કોઇ ગતિ ઉત્પન્ન કરી શકે? તારી નઝરમાં તે છે શું ચીઝ? ઇબ્ને સિરાજ પર્વતો અને વનોમાં રખડયો. દરેક જડીબુટ્ટીનાં ગુણો જાણ્યા; પણ એવી એકપણ બુટ્ટી મળી નહિં કે તારા તલ્વારરૂપી અબરૂના પડેલા ઝખ્મોને સારા

કરી શકે. ઇબ્ને સિરાજની કમરમાં તલ્વાર છે, પરંતુ તેનું દિલ બહાદૂરીથી ખાલી થઇ ગયું છે.

"પહેલાં હું વિચારતો હતો કે પર્વતની પોલી શિલામાં ખોબાપૂર પાણી હવાની થપ્પડોથી સુરક્ષિત રહે છે, જેથી મહાસાગરથી વિશેષ ખુશ–નસીબ છે, જેને હવા કદીપણ ચેન લેવા દેતી નથી. હું કહેતો હતો, ઇબ્ને સિરાજ! આ ખોબાપૂર પાણી પ્રમાણે સંકુચિત રહે. ખુણામાં બેસી જા. જગતજનોથી દૂર થઇ જા, કે જેથી કાળના તમાચાઓથી બચેલો રહે. બાદશાહોની પાસે બેસનારા દુઃખોનું નિશાન બને છે, પરંતુ ગરીબ ખેડુત પોતાની ઝુંપડીમાં પગ પસારીને આરામથી સુએ છે.

"પરંતુ હે સ્પેઇનની હૂર! મારી માન્યતા ખોટી ઠરી. તેં દેખાડી દીધું કે શિલાના પોલાણમાં પાણીનું ટીપું પણ હવાથી બચી શકતું નથી!"

અવમાએ આ ભાષણ એકચિત્તે સાંભળ્યું. એણે પોતાની ઝિન્દગીમાં પહેલીજવાર આ પ્રકારની વાતચીત સાંભળી હતી. એનો પૂર્વાત્ય અંદાઝ, અરબી છટા અવમા માટે બિલ્કુલ નવીન પરંતુ દિલચસ્પ હતી. મવકા અને સ્થળે તેમાં ઔર પણ નઝાકત ઉત્પન્ન કરી દીધી હતી. 'કસ્રે હમ્રા' અરબી ઇમારતમાં ઇબ્ને સિરાજની અરબી આત્મામાં ઓતપ્રોત તકરીરે નાઝનીન અવમા ઉપર મ્હોટી અસર કરી. પ્રેમ તેના દિલમાં દરેક તરફથી પ્રવેશવા અને એજ મુજબ તેની શક્તિને ઘટાડવા લાગ્યો. અંતે તેણીએ મેહસુસ કર્યું કે ઘુંટણ કંપી રહ્યા છે. ઉભી રહી શકતી નથી. તેણીએ પોતાનો બધો ભાર આશિક ઉપર નાખી દીધો અને તેનાજ ટેકાએ ચાલવા લાગી. ઇબ્ને સિરાજ માટે આ ભાર દુન્યાની તમામ નેઅમતો કરતાં વિશેષ હતો. ખુશીથી બેખૂદ થઇ રહ્યો હતો. સ્વગત કંઇક ગણગણી રહ્યો હતો.

"જે દિવસ તું મારી સમીપ ન હશે, મારી કેવી હાલત થશે !" અવમાએ ઇબ્ને સિરાજનો ખભો દબાવીને કહ્યું "વચન આપ માત્ર મારે માટે અને મારી મુહબ્બતને માટેજ ઝિન્દા રહીશ. ઘણા આશિકો એવા પણ થઇ ગયા છે, જેમણે પ્રેમને પ્રસિદ્ધિ માટે ત્યજી દીધો. ઘણાએ ઇશ્ક ઉપર ઇઝઝતને સરસાઈ આપી......"

"એવું ન બોલો" ઇબ્ને સિરાજ તુરત બોલી ઉઠયો. "હું એવો નથી."

"પરંતુ શું જો તમે બની અહમર હોત તોપણ મારી સાથે મુહબ્બત કરત ?" અવમાએ હસીને સવાલ કર્યો.

"હા." ઇબ્ને સિરાજે ગંભીર થઇને જવાબ આપ્યો. "હું બની અહમર હોવા છતાં પણ તારી સાથે મુહબ્બત કરત. તારી મુહબ્બતને ઇઝઝત ઉપર સરસાઇ આપત. શરાફત અને ઇમાન સિવાય કોઈ વાત પણ મારી નઝરમાં મુહબ્બત કરતાં મ્હોટી નથી."

હવે સૂર્ય અસ્ત થવાની તૈયારી કરી રહ્યો હતો. આશિક માશૂક પણ એક બીજાના કમરમાં હાથ પરોવી આખા મહેલમાં ફરી ચૂકયા હતા.

આ જન્નતો અને મહાલયોના દ્રશ્યોએ ઇબ્ને સિરાજની ઉર્મિઓમાં ભયંકર આંદોલન ઉત્પન્ન કરી દીધુ હતું. એનું દિલ કાબૂ બાહિર થઈ રહ્યું હતું. એટલામાં ચંદ્ર નીકળી આવ્યો. અને આ અરબી અઝમત (ઇમારત)ને નૂરાની વસ્ત્રો પહેરાવી દીધા. એના રૂપેરી કિરણો ઘટાદાર વૃક્ષો, મિહરાબો, કમાનો સ્થંભો ઉપર પડયા. બધાય પ્રકાશિત થઈ ગયા. નહેરો વહેતી હતી. વાયુના ઝોકાએથી ડાળીઓ ઝુમી રહી હતી. બુલબુલ એક સરૂ વૃક્ષની ટોંચ ઉપર બેસી કિલ્લોલ કરી હતી. આ વૃક્ષ એક પૂરાતન મસ્જિદના ગુંમ્બદ ઉપર ઉગી નિકળ્યું હતુ. બુલબુલની બાંગ મસ્જિદમાંની બુલંદ થઇ રહી હતી.

ઇબ્ને સિરાજે ચાંદની રવશનીમાં અવમાનું નામ એક લીલા સંગે મરમર ઉપર અરબી લિપીમાં લખી દીધું કે જેથી ભવિષ્યની પ્રજા આ રહસ્ય દેખીને હયરતમાં પડી જાય.

"આ દ્રસ્ય કેવું ડરામણું છે?" અવમાએ ન જાણે શા વિચારથી કહ્યું. ચાલો અહિંથી તુરત નિકળી જઇએ. ઇબ્ને સિરાજ! મારા હૃદયમાં તારા પ્રેમના મૂળ ઉંડા ઉતરી ગયા છે. અલ્લાહની ઇચ્છા પૂરી થઇ. મારા આ બોલ યાદ રાખજે હું તારી મેહબૂબા પ્રિયા છું! તારા ઉપર લુબ્ધ છું. હંમેશાં તારી જ છું. જો તું ઇસાઇ થઇ જાય તો હું તારી પત્ની બની જાઉં. દુન્યામાં મારા કરતાં ખુશ-નસીબ બીજું કોઇપણ ન હોય."

"મારી આંખોનું નૂર! દિલનું સરૂર! મારી અવમા!" ઇબ્ને સિરાજ લાગણીવશ થઇ કહેવા લાગ્યો. "હું તારો ગમગીન ગુલામ છું. મારી જાન માંગી લે, પણ ઇમાન ન માંગ. ઇમાન ખોઇને હું તારા કશા કામનો રહીશ નહિ. આજ સ્થિતિમાં મને કબૂલ કરી લે."

૧૦

વિયોગ

ઉચ્ચ આશય, પાક અંતર, અને અચળ સ્વભાવના આ પ્રેમીઓ, આ ઐતિહાસિક સ્થળમાંથી નિકળ્યા. દિનપ્રતિદિન તેમનો પ્રેમ પ્રગતિ કરતો ગયો. ઇબ્ને સિરાજની મુહબ્બત ઘેલછાની હદ સુધી પહોંચી ગઇ. તેને આ વિચારથી મ્હોટી ખુશી થતી હતી કે તે પોતાની પ્રિયતમાનો માત્ર આશિકજ નહિં મા'શૂક પણ છે. અને મા'શૂક પણ કેવો! કોઇ વાસનાની ઇચ્છાથી નહિં, કેમકે અવમા પોતાની પવિત્રતામાં ફરિસ્તો

હતો કોઈ દુન્યવી દેખાવથી નહિં, કેમકે ઈબ્ને સિરાજે પોતાના ખાનદાની સંબંધને ગુપ્ત રાખ્યો હતો. આ વિચાર કરીને તેનું દિલ આનંદથી નાચી ઉઠતું હતું કે અસ્લીયત તે દિવસે અચાનક ઝાહિર કરીશ, જ્યારે પ્રિયતમા પડખામાં આવી જશે. આ સાંભળીને તે હયરાન થઈ જશે કે જેને તેણે પોતાને માટે પસંદ કર્યો છે, તે કોઈ સાધારણ અરબ નથી બલ્કે પ્રતિષ્ઠીતશાહી વંશ બની અહમરનો સિરાજ–દિપક છે.

ઈબ્ને સિરાજ આવાજ વિચારો અને ઉર્મિઓ સાથે દરરોજ પ્રિયતમાની સેવામાં હાઝરી આપતો. બુતપરસ્તન હતો, પણ આ દેવીની પૂજા કરતો.

“પ્રાણેશ્વરી !” એકાએક એક દિવસ ઈબ્ને સિરાજે પોતાની પ્રિયતમાને અત્યંત રન્જ અને ગમથી ઉદ્દેશી. “મારી માતુશ્રીનો હમણાંજ પત્ર આવ્યો છે. તે મૃત્યુ પથારીએ પડેલી છે. મિન્નત કરે છે કે હું તેનો એકનોએક પુત્ર આવીને તેની આંખો બંધ કરૂં. આખરી દીદારને માટે બેચેન છે.”

અવમાનો રંગ ફીકો પડી ગયો.

“પછી શું વિચાર છે ?” તેણીએ અચકાતી ઝબાને પૂછ્યું.

“પ્રાણપ્યારી !” ઈબ્ને સિરાજે પોતાની લાંબી આસ્તીનોવાળા હાથ ફેલાવી દીધા. “શું મારા પછી તું પ્રેમવચન ઉપર કાયમ રહીશ ?”

અવમાએ શિતળ શ્વાસ ખેંચ્યો.

પીળા ચેહરા સાથે જૂદા થઈ રહ્યા છો. ફરીપણ કદી ઝયારત નસીબ થશે ?”

ઈબ્ને સિરાજ ઉભો થઈ ગયો:

"મારી સાથે આવો." તેણે જોશપૂર્વક કહ્યું "હું તારી પાસે કસમ લઇશ. એવી કસમ જેને મૌત પણ તોડી શકે નહિ." ઉભય એક પ્રાચીન અરબી કબ્રસ્તાનમાં પહોંચ્યા. કબ્રો ઉપર સંગે મરમરના સ્થંભો એવી રીતે ઉભા હતા, જાણે મુર્દાઓ સુફેદ કફનીઓ પહેરીને ઉભા છે. સ્થંભો ઉપર પહેલાં અરબી અમ્મામા હતા. હવે સ્પેઇનીસોએ તે તોડીને સલીબો (ક્રોસ) ચઢાવી દીધા હતા. ઇબ્ને સિરાજ મહેબૂબાનો હાથ પકડીને આ ભયાનક સ્થંભોના જુથ વચ્ચે આવી ઉભો થઇ ગયો.

"આ મારા પૂર્વજોની કબ્રો છે.' તે બોલ્યો. "હું આ હાડકાઓની કસમ ખાઉં છું કે કયામત સુધી તારાથી મુહબ્બત કરીશ. હશ્રમાં પણ મારૂં દિલ તારી મુહબ્બતથી છલાછલ હશે. આ દિલમાં તારા સિવાય કોઇપણ સ્થાન મેળવી શકશે નહિ. હું તારી સાથે તુરત શાદી કરી લઇશ, જ્યારે તારૂં મઅસૂમ દિલ મુહમ્મદ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના નૂરથી મુનવ્વર થઇ જશે, યા તને મારા ઇસ્લામ માટે વાંધો રહેશે નહિ. દર વર્ષે આ મોસમમાં ગરનાતા આવ્યા કરીશ કે જોતો રહું તેં વચનભંગતો કર્યો નથી! તું મારી મુહબ્બત ઉપર બરાબર કાયમ છે?"

"હું દર વર્ષે તારો ઇન્તિઝાર કરીશ." અવમાની કંપતી આવાઝ સંભળાઈ. "હું પણ પ્રતિજ્ઞા લઉં છું કે જ્યાં સુધી દમમાંદમ છે, તારી મુહબ્બતથી મુંહ ફેરવીશ નહિ. અહદ કરૂં છું કે જેવો જ તું મુસીલની ખુદાઇ ઉપર ઇનામ લઇ આવશે, તારી સાથે શાદી કરી લઇશ."

બન્ને આશિકો ઠંડી આહો અને ઉન્હા અશ્રુઓ સાથે વિખુટા પડયા. કેટલીએ વાર સુધી તેમની હિચકી બંધ પડી નહિ. મહિનાઓ સુધી તબીયત કાબૂમાં નહિ આવી.

૧૧

મિલાપ

ઈબ્ને સિરાજની માતા મરી ચૂકી હતી; પણ હજૂ લાશ દફન થઇ ન હતી. તે માતાની લાશને વળગીને ખૂબ રડયો. ગરમ ચુંબનોથી તેની શિતળ પેશાની ગરમ કરી નાખી. પછી અત્યંત રન્જ અને ગમ સાથે તેને દફન કરી.

ઘણા દિવસો ગુઝરી ગયા. ઇબ્ને સિરાજ પ્રિયતમાના વિયોગમાં બિલ્કુલ દીવાનો દેખાતો હતો. પહાડો, જંગલો અને ઉજ્જડ સ્થળોમાં રખડતો ફરતો હતો. અંતે ગરનાતા જવાની મોસમ આવી લાગી. હવે તેની ખૂશી અપાર હતી. તે એક સઢવાળી નૌકામાં બેસી ગયો. અને યૂરોપનો માર્ગ લીધો. કેટલાએ દિવસની કઠીન સફર પછી સ્પેઈનના કિનારા ઉપર આવી પહોંચ્યો. ઇબ્ને સિરાજ જોશથી બેખૂદ થઇને ઉભો થઇ ગયો. ઝોરથી 'અલ્લાહો અકબર'નો ના'રો લગાવ્યો. એનું દિલ ખૂશીથી ધડકી રહ્યું હતું. આખા શરીરનું લોહી એકઠું થઇને ચેહરા ઉપર ભેગું થઇ ગયું હતું.

અવમાની શું સ્થિતિ છે ? તેને પણ પોતાના આશિકનો ખિયાલ છે ? શું તે ઇન્તિઝારમાં છે ? શું તેણીએ કદીએ વિચાર કર્યો છે કે તેનો અરબ આશિક તેને રણના ખજૂરવનમાં શોધતો ફરતો હતો. જો કે તે સારી રીતે જાણતો હતો કે પોતાની પ્રિયતમા ત્યાં નથી.

હા, સ્પેઈનીસ સુંદરી પણ પોતાના પ્રિયતમને ભૂલી નથી. તેણે માત્ર યાદજ રાખ્યું નથી, બલ્કે પોતાના પિતાને કિનારાના પ્રવાસ માટે મજબૂર પણ કર્યો કે ઉંચા પહાડો ઉપર બેસીને વ્હાલમની વાટ જુએ.

તે દરેક નૌકાને ધ્યાનપૂર્વક જોતી. દરેક સઢ તેની વ્યાકુળતાનું નિશાન બની જતું. તેજવાયુ ફૂંકાતો તો તે બેચેન થઈ જતી કે મેહબૂબની કિસ્તી તુફાનમાં ફસી ન જાય! જે પણ પક્ષી આફ્રિકા તરફથી ઉડતું આવતું નઝરે પડતું, તેને પ્રેમ–પયગામનો કાસિદ સમજીને ઘેલછાની ધૂનમાં ન જાણે શું શું કહેતી!

એક દિવસ તે કિનારાની રેતી ઉપર બેચેન ફરી રહી હતી, કે દૂર એક ઉંચા સઢની નૌકા નઝરે પડી. તેનો નાઝુક સઢ દેખીને સમજી ગઈ કે તે અરબી નૌકા છે. તુરત બેતાબી સાથે કિનારા ઉપર દોડી ગઈ. આ અરસામાં નૌકા ખુશ્કી પાસે પહોંચી ગઈ. સમુદ્ર તેની નીચે જોશ મારી રહ્યો હતો. એક અરબ સરદાર કીંમતી લિબાસ પહેરેલો અને ગોળ અમ્મામો બાંધેલો નૌકાના નાકા ઉપર ઉભો હતો. પાછળ બે હબશી ગુલામ એક અસીલ અશ્વની લગામ પકડીને ઉભા હતા. મવજાઓના શોરબકોરે જાનવરને ગઝબનાક કરી મૂકયો હતો. તેના નસ્કોરા ફૂલાયલા હતા. કાન ઉભા હાલી રહ્યા હતા. અયાલ આખી ગરદન ઉપર પડેલી ફરફરી રહી હતી.

નૌકા કિનારે લાગતાંની સાથેજ અરબ સરદાર કુદીને ઝમીન ઉપર આવી લાગ્યો. એના હથીયાર જોરથી ઝણઝણી ઉઠયા. ગુલામોએ થનથનતા ઘોડાને ઉતાર્યો. ખુશ્કી ઉપર કદમ મૂકતાંજ તેની તેઝી ઔર પણ વધી ગઈ. બીજા કેટલાક ગુલામ એક હરણ લઇને ઉતર્યા. હરણની પીન્ડલીઓ ઘણીજ પાતલી અને નાઝુક હતી. સોનાના કડા પગોમાં પહેરાવેલા હતા. મસ્તક ઉપર રત્નજડીત ટીકો ચકચકી રહ્યો હતો.

અવમા, ઇબ્ને સિરાજને ઓળખી ગઈ. પરંતુ બધાની સામે પાસે જવાને બીધી, કે કદાચ ધીરજ ધરી શકે નહિ અને ભેદ ખૂલી

જાય. તેણીએ એક સાહેલીને મોકલીને ઇબ્ને સિરાજને પોતાના રહે-ઠાણની જાણ કરી.

બન્ને પ્રેમીઓનો મિલાપ થઈ ગયો. તે સમયનો આનંદ ન પૂછો; ખૂશીના આંસૂઓ આંખોમાંથી વહેવા લાગ્યા ફૂલ્યા સમાતા ન હતા, કેમકે પ્રેમ-વચનમાં અચળ નિવડ્યા હતા કેટલીએ નવી કસમો તેમણે ખાધી ! કેટલાએ નવા વચનો એમનામાં કાયમ થયાં. આ સમે એમને દુન્યા અને દુન્યામાંની વસ્તુઓનું ભાન પણ રહ્યું ન હતું. એમની તો આખી દુન્યા આંખો આગળ હતી.

"ચંદ્રમુખી !" ઇબ્ને સિરાજે અવમાને કહ્યું. "આ હરણ અમારા વતનનું છે તારીજ પેઠે નાઝુક બદન અને ચંચળ છે." અવમાએ હરણના પગોએ બાંધેલી રસ્સી ખોલી નાંખી. આ પશુ તેને પોતાની મ્હોટી મ્હોટી સિયાહ આંખો વડે એવી રીતે નિરખી રહ્યું હતું, જાણે એહસાનનો આભાર માને છે.

અવમાએ એ અરસામાં અરબી ભાષા પણ શીખવા માંડી હતી હરણની પેશાની ઉપરના સુન્હેરી ટીકામાં પોતાનું નામ વાંચીને ન જાણે કેમ તેનું દિલ ભરાઈ આવ્યું. નાઝુક ગાલો ઉપર અશ્રુઓ ટપકી પડ્યા

ઇબ્ને સિરાજ પોતાની પ્રિયતમા અને તેના પ્રતિષ્ઠિત પિતા ડયુકની સાથે ગરનાતા રવાના થયો. બન્ને પાછલા વર્ષ પ્રમાણે અત્યંત આનંદમાં સહવાસનો લુત્ફ઼ ઉઠાવવા લાગ્યા. નિયમ પ્રમાણે સાથે ફરવાને માટે જતાં. મુહબ્બતની ગાંઠ દિવસે દિવસે વધૂ મજબૂત થતી જતી હતી.

પરંતુ અજીબ વાત છે કે બન્ને પોતાના મઝહબ (ધર્મ) માં મઝબૂત હતા. ઈમાનને ત્યજવા ચાહતા ન હતા. અવમા કહેતી હતીઃ "ઇસાઇયત કબૂલ કરી લો, પછી હું તમારી દાસી છું." ઇબ્ને સિરાજ

કહેતો હતોઃ "એ ન કહો, પછી તમારો ગુલામ છું." દરરોઝનો સહવાસ આજ વિષય ઉપર ખત્મ થઈ જતો હતો. અને કોઇ પણ રીતે આ કોકડું ઉકેલાતું ન હતું.

૧૨

કાર્લોસ અને લોટાર્ક

ત્રીજા વર્ષે સ્પેઇનમાં ઇબ્ને સિરાજનું આગમન એવુંજ હતું. જેવું ચકલીઓનું મુદ્દત વિત્યે પોતાના માળાઓમાં થાય છે. આ વેળા તેણે કિનારા ઉપર અવમાને પોતાના ઇન્તિઝારમાં જોઇ નહિ, પણ એક પત્ર પરથી જાણ્યું કે તેનો પિતા મેડરીડ (પાટનગર) ગયો છે અને તેનો ભાઇ કાર્લોસ પોતાના એક ફ્રેન્ચ મિત્રની સાથે ગરનાતા આવેલો છે. જેથીજ તે પ્રેમીના સ્વાગત માટે ન આવી શકવાને મજબૂર છે.

પત્ર વાંચતાંજ ઇબ્ને સિરાજનું હૃદય હાલી ઉઠયું મસ્તક ભમી ગયું. તુરત ગરનાતા તરફ રવાના થઈ ગયો. તરેહ તરેહની શંકાઓ તેના દિલમાં ઉત્પન્ન થતી હતી. આ વકતે માર્ગમાંના લિલાછમ અને સોહામણા દેખાતા પહાડો બિલ્કુલ ઉજ્જડ અને ભયાનક લાગતા હતા. વારંવાર પાછળ ફરીને તે સમુદ્રને જોતો, જેને હમણાંજ ઓળંગી આવ્યો હતો.

અવમા પોતાના પત્રમાં સાચી હતી. તેને પોતાના ભાઈ પ્રત્યે અનહદ પ્રેમ હતો. સાત વર્ષ પછી ઘરે આવ્યો હતો. બ્હેનનું તેને મૂકીને પોતાના પ્રિયતમના સ્વાગત માટે જવું કોઇ પણ રીતે મુનાસિબ ન હતું.

કાર્લોસ પોતાના બધા પૂર્વજોની પેઠે બુલંદ હિમ્મતી, સ્વમાની અને શુરવીર હતો. અમેરિકાના તમામ વિજેતાઓ પેઠે યુદ્ધપ્રેમી અને ખૂનરેઝ હતો. બધા સ્પેનીસ બહાદૂરોની પેઠે–જેમણે મુસલમાનોને દેશપાર કર્યા હતા–ધર્મઝનુની પક્ષપાતી અને પોતાના પિતામહ સિયદ પેઠે ઈસ્લામ પ્રત્યે દિલ અદાવત ધરાવતો હતો. એનો ફ્રેન્ચ મિત્ર લોટાર્ક, ફ્રાન્સના પ્રખ્યાત ખાનદાન "ફોકસ"માંથી હતો પોતાની વીરતા અને સાહસિકતા માટે મશહૂર હતો. એક ભયંકર યુદ્ધ પ્રસંગે કાર્લોસ તેની વીરતા દેખીને મિત્ર બની ગયો હતો. લોટાર્ક ઝખ્મી થઈ ગયો હતો. કાર્લોસજ મરહમ પટી કરીને એને પોતાને ઘરે લઈ આવ્યો હતો.

ઇબ્ને સિરાજ ડયુકના મહેલમાં પહોંચ્યો. તેને તે કમરામાં દાખિલ કરવામાં આવ્યો, જ્યાં અવમા બેઠી હતી. પણ તેનું મન મુંઝાવા લાગ્યું. પોતાની અંદર એક એવું ઉર્મિતૂફાન મહેસુસ થવા લાગ્યું, જેવું પહેલાં કદી પણ મહેસુસ થયું ન હતું.

તેણે પોતાની પ્રિયતમાની બિલ્કુલ પાસે એક નવજુવાનને બેઠેલો જોયો. નવજવાન બિલ્કુલ ખામોશ હતો. તેની નઝરો અવમા ઉપર ચોંટેલી હતી ચહેરા ઉપર આનંદ તરવરતો હતો. તે સૈનિક લિબાસમાં હતો. પાતલી કિનારવાળી મ્હોટી ટોપી માથા ઉપર હતી. કમરમાં તલ્વાર ચમકી રહી હતી. સીના ઉપર ચંદ્રકો (મેડલો) ઝગમગી રહ્યા હતા. આબનૂસી રંગના શ્યામ કેશ કાન સુધી લટકી રહ્યા હતા. કેશ–ઝુંડમાં ખૂબસૂરત ગંભીર મર્દાના ચહેરો હતો. વીરતા અને કોમળતા બન્ને એમાં હતી. પગરખા ઉપર સુન્હેરી મેહમીઝ લાગેલી હતી. એજ લોટાર્ક હતો.

પાસેજ એક બીજો શખ્સ લાંબી તલ્વાર ટેકીને ઉભો હતો. એનો લિબાશ પણ પોતાના મિત્ર જેવોજ હતો, પરંતુ એ વયમાં

વધારે જણાતો હતો. એના ચહેરા ઉપર વીરતા, અડગતા, હિમ્મત; અને શ્રમનો અભાવ પ્રદર્શિત થતો હતો સીના ઉપર લાલ સલીબ (ક્રોસ) બનેલો હતો અને એ નિશાન નીચે આ લખાણુ કોતરેલું હતું. "મસીહને માટે અને બાદશાહને માટે" એ અવમાનો ભાઈ કાર્લોસ હતો.

અવમાની નઝર જેવીજ અરબ નવજવાન ઉપર પડી, કે તે એકદમ પોકારી ઉઠી. "બહાદૂરો। આજ તે મુસલમાન છે, જેનું હું તમારી આગળ વર્ણન કરતી હતી. જો જો એ તમારા ઉપર સરસાઇ ન લઈ જાય; કેમકે પાછલા તમામ બની અહમર એવીજ ઢબના હતા. એ તમે જાણો છો. અડગતા, દિલેરી અને દાનાઈમાં તેમના ઉપર કોઈ સરસાઈ ભોગવી શકયું નથી."

ડયુક કાર્લોસ–અવમાનો ભાઇ આગળ વધ્યો અને ઇબ્ને સિરાજ પ્રત્યે હાથ ફેલાવી દીધા.

"શરીફ અરબ સરદાર! મે મારા પિતાથી અને બ્હેનથી તારૂં નામ સાંભળ્યું હતું. તારા ચેહરા ૩પર શરાફત અને શિષ્ટતા દેખાઈ રહી છે. લુત્ફ અને લાલિત્ય ટપકી રહ્યું છે. નઝદીકમાંજ મારો આકા શહિન્શાહ શાર્લકોન ટયુનીસ ઉપર હુમલો કરશે. આપણે ત્યાં માન અને મ્હોટાઈના વિશાળ મયદાનમાં ફરીથી મુલાકાત કરીશું!"

ઇબ્ને સિરાજ પોતાના બન્ને હાથો ગોદમાં મૂકીને બેસી ગયો. અવમા અને લોટાર્ક ઉપર શોધીત નઝર દોડાવવા લાગ્યો. લોટાર્ક પણ પોતાની ફ્રેન્ચ પ્રકૃત્તિથી મજબૂર થઇને અરબ નવજવાનને ઘુરવા લાગ્યો. એની ખૂબસૂરતી, લિબાશ, શસ્ત્રો, દરેક વસ્તુને તપાસવા લાગ્યો. અવમા અત્યંત ખુશ હતી, કેમકે તેનો આશિક એવી શાન સાથે આ લોકોને

મલ્યો હતો, જે બાદશાહોને છાજતી હતી. એની ખુશી એટલી બધી હતી કે છુપાવતાં છુપતી ન હતી.

થોડીવાર બિલ્કુલ શાન્તિ રહી. પછી ઇબ્ને સિરાજ પ્રભાવપૂર્વક ઉભો થયો અને અવમા આગળ ઝુકીને ચાલ્યો ગયો. લોટાર્કને અરબના આ અંદાઝ ઉપર શક ઉત્પન્ન થઇ ગયો. શકે જલ્દીજ યકીનનું રૂપ ધારણ કરી લીધું.

"અવમા !" કાર્લોસે, ઇબ્ને સિરાજ અને લોટાર્કના ચાલ્યા જવા પછી કહ્યું. "આ પરદેશી નવજવાનને જોઇને તારા ચેહરાનો રંગ કેમ બદલાઇ ગયો ! તારા ઉપર એક વિચિત્ર વ્યાકુળતા પ્રદર્શિત કેમ થઇ ?"

અવમા બહાદૂર અને સાફ બોલી હતી.

"વ્હાલા ભાઇ !" એણે પોતાના મધૂર પરંતુ મઝબૂત આવાઝમાં કહ્યું. "કેમકે હું તેને ચાહું છું. કાંઇ પણ બ્હીક વગર હું એ ઝાહિર કરૂં છું. જો તે પોતાના ધર્મથી ફરી જશે તો હું તેની બની જઇશ."

"શું ?" કાર્લોસ ખફગી અને આશ્ચર્યથી પોકાર્યો "શું બોલી ? બયફાર વંશની કુમારિકા અને પરદેશી અરબ સાથે પ્રેમ ? દુશ્મન સાથે મુહબ્બત ? શું અમે તેમને હંમેશને માટે આ મહાલયોમાંથી કાઢી નથી મૂક્યા ?"

"ભાઇ ! ઝરા થોભો" અવમાએ આંખો મિલાવીને કહ્યું. "હું ઇબ્ને સિરાજ સાથે મુહબ્બત કરૂં છું. તે પણ મારા ઉપર ફિદા છે. બરાબર ત્રણ વર્ષથી તે મને મૂકીમૂકીને ચાલ્યો જાય છે; પરંતુ પોતાનો ધર્મ નથી ત્યજતો. અજીબ મહાત્વાકાંક્ષી, બહાદૂર, સ્વમાની અને અડગ સ્વભાવનો પુરુષ છે. હું તેને મારૂં દિલ આપી ચૂકી છું. મૃત્યુ પર્યંત તેનીજ રહીશ."

કાર્લોસ ખૂદ શુરવીર હતો. ઇબ્ને સિરાજની વીરતાનો પણ કદ્રદાન થયો, પરંતુ તેને પોતાની બ્હેનની મુહબ્બત ઉપર ઘણોજ અફસોસ થયો.

"જોઇએ, તમારા આ પ્રેમનું શું પરિણામ નિકળે છે? હું તો એવું ધારી બેઠો હતો કે લોટાર્કને ભાઇ બનતો જોઇશ."

"તમે ભૂલ કરો છો ભાઈ!" અવમા દ્રઢતાપૂર્વક બોલી. "હું એ ફ્રેન્ચ સાથે મુહબ્બત કરી શકતી નથી. ઇબ્ને સિરાજને દિલ આપી ચૂકી છું. મારા ઉપર કોઈ ટીકા કરી શકે નહિં તમે તમારા મિત્રની મિત્રતા કાયમ રાખો. હું ઇબ્ને સિરાજ સાથેના પ્રેમવચનને મઝબૂત રાખીશ; પરંતુ પૂરેપૂરી ખાત્રી રાખો કે તમારી બ્હેન ગૈરમસીહી સાથે શાદી કરશે નહિં." "તો તમારૂં ખાનદાન જલ્દીજ પૃથ્વીપટ ઉપરથી નાબૂદ થઇ જશે." કાર્લોસે હસરત સાથે કહ્યું.

"ખાનદાન (વંશ)નું કાયમ રાખવું તમારા ઉપર ફર્ઝ છે. મારા ઉપર નહિં" અવમાએ સુકોસટ જવાબ આપ્યો અને ત્યાંથી ચાલી ગઇ.

૧૩

જીવતદાન

કાર્લોસ પોતાના ઘમંડ અને વીરતાના જોશમાં તુરત ઇબ્ને સિરાજની પાસે પહોંચ્યો અને કોઇપણ પ્રકારની પ્રસ્તાવના વિના પોકાર્યો.

"હે અરબ! મારી બ્હેનનો ત્યાગ કર, નહિં તો મારી સાથે દ્વંદ યુદ્ધ કરવાનું મન્ઝૂર કર."

"શું તમને તમારી બ્હેને મોકલ્યા છે કે મારી પાસેથી વચન પાછું લઇ લો?" ઇબ્ને સિરાજે સીધો સવાલ કર્યો.

*

"હાશ્રા !" બહાદૂર ડયુક તુરત બોલી ઉઠયો. "તે તો બરાબર તારા પ્રેમમાં લુબ્ધ છે."

"પછી તમે મારી પાસે શું ચાહો છો?" ઇબ્ને સિરાજે બેપરવાઇથી પૂછયું.

"અવમાનો ત્યાગ અથવા જંગ!"

"અવમાના ભાઈ!" ઇબ્ને સિરાજ નરમીથી બોલ્યો. "આ હઠ મૂકી દે. હું તને શિખામણ આપુ છું, નહિ તો મારે મારા સુભાગ્યનો ખઝાનો તારા ખૂન અને માંસમાં શોધવો પડશે! તારૂં મૌત મારી ખુશીનું કારણ બની જશે! હું તને મારીને પોતાને ખુશ-નસીબ સમજવાને મજબૂર થઇશ. હું મિન્નત કરૂં છું, કે મને મજબૂર ન કર. તને સાક્ષિ રાખીને મુહમ્મદ સલ્અમના ખુદા આગળ તવબા કરૂં છું, કેમકે મને ફ્રેન્ચ નવજવાન ઉપર ઇર્ષા ઉપજી હતી. મેં તારી બ્હેન માટે શંકા કરી હતી કે તે તેના પ્રત્યે વળી ગઇ છે. મુહમ્મદ સલ્લલાહો અલયહિ વસલ્લમનો સર્વશક્તિમાન ખુદા મને મુઆફ કરે તારી બ્હેનનું દિલ પોતાના નૂરથી મુનવ્વર કરી દે." કાર્લોસ ક્રોધથી દીવાનો થઇ ગયો.

"મગરૂર!" તે પોકાર્યો. "એજ તો તારી મુસીબત છે. જો તું મવજૂદ ન હોત તો મારો મિત્ર લોટાર્ક આજે મારો ભાઇ બની ચૂક્યો હોત હું તારાથી વેર લઇશ. મારૂં આખું ખાનદાન તારા કારણે લોહીના આંસુએ રડી રહ્યું છે."

"મરહબા!" ઇબ્ને સિરાજે ગંભીર થઇ ને જવાબ આપ્યો. "જો તું નથી માનતો તો હું પણ તૈયાર છું. હું તે વંશનો છું, જેના બુઝુર્ગોએ તારા બુઝુર્ગો સાથે કદાચ મુકાબલો કર્યોજ હશે. પરંતુ આ સમયે હું સંપૂર્ણપણે સજ્જ નથી. અહીં કોઇ નથી કે મને વીરતાના

આભુષણો અર્પે જેથી મારા મુકાબલાથી તારા રૂતબામાં કાંઈ ફરક પડવા ન પામે." ડયુક, અરબ નવજવાનની વીરતા દિલેરી અને શિષ્ટતા ઉપર વારિ ગયો. ક્રોધ અને પ્રસંશાના ભેગા જુસ્સાથી કહેવા લાગ્યો.

"લે, હું ખુદ તને વીરતાના આભુષણો અર્પણ કરૂં છું, કેમકે તું એને યોગ્ય જણાય છે."

ઇબ્ને સિરાજ તે સમયના નિયમ પ્રમાણે ડયુકની આગળ ઘુંટણ ટેકીને ઝુકી ગયો. ડયુક એને ભેટયો. તલ્વાર એના ખભા ઉપર ત્રણ વાર ફેરવી અને એની કમરમાં બાંધી દીધી. તેજ તલ્વાર જે બનવા જોગ છે કે થોડીક પળો પછી ખૂદ તેનુંજ કામ પુરૂં કરી નાંખે. પરંતુ પ્રાચીન શરાફત એવીજ નિખાલસ હતી. બન્ને અશ્વો ઉપર સવાર થયા. ગરનાતાથી બાહિર ગયા અને "અયનુસ્સ સનૂબર" મુકામે પહોંચ્યા. આ જગ્યા મુસલમાનો અને ઈસાઈઓની લડાઈઓમાં મ્હોટી વિખ્યાતી મેળવી ચૂકેલી છે. અહીંજ મલિક અબ્બાસે (૨૯૦) પોંચ ડોલીયાં સાથે કુસ્તી લડી હતી. અહીંજ રબાહના ઈસાઈ કિલ્લેદારે અબૂ યાદોસને દગાથી કત્લ કર્યો હતો. એ શહીદની હિલ્લાલી તલ્વાર હજાયે સનૂબરના વૃક્ષ ઉપર લટકેલી હતી. કાર્લોસે ઇબ્ને સિરાજને મુસલમાન શહીદની કબ્ર દેખાડી.

"જો, આ તારાજ એક ભાઈની કબ્ર તારી ઇજ્જત માટે મવજૂદ છે!" સ્પેઇનીસ ડયુકે કહ્યું. "ઇસાઇય્યત કબૂલ કરી લે. હું તારા ઉપર દયા કરીશ. નહિ તો મૃત્યુને ભેટવા તૈયાર થઈ જા."

"મૃત્યુ?" ઇબ્ને સિરાજ શરદ સાદે બોલ્યો. "બેશક, મૃત્યુ કબૂલ કરી શકું છું પણ ઇસાઇય્યત નહિજ. મુહમ્મદ (સલ.)ના ખુદાની કસમ, ઈસાઇય્યત હરગિઝ નહિજ.

સંગ્રામ શરૂ થઇ ગયો. હાથોમાં તલ્વારો હતી. એના ઉપરજ કિસ્મતનો ફૈંસલો અવલંબેલો હતો. ઇબ્ને સિરાજ લડવાના દાવપેચમાં કાર્લોસ જેટલો નિપૂણ ન હતો. પરંતુ તેની દમિશ્કી તલ્વાર અને અરબી અશ્વે તેના હરીફ ઉપર શ્રેષ્ટતા આપી તેણે ઘોડાને ઝોરથી એડ મારી. અસીલ જાનવર ગુસ્સાથી લગામ કરડતો લપકયો અને ડયુકના ઘોડા ઉપર કૂદયો ઇબ્ને સિરાજની અણીયાળી રિકાબની રગડ કાર્લોસના ઘોડાના પેટમાં એવી ઝોરથી લાગી કે ઘણો ઉંડો અને લાંબો ઘા પડી ગયો. સ્પેઇનીસ ઘોડો ઘા ખમી શકયો નહિ. સવારને લઇને ભોંયભેગો થઇ ગયો.

કાર્લોસ દાંત ભીંસતો ઝમીન ઉપરથી ઉઠયો અને તલ્વાર ઉગામીને ઇબ્ને સિરાજ ઉપર તૂટી પડયો. અરબ બહાદૂરની ગયરતે કબૂલ કર્યું નહિ કે પગપાળા દુશ્મન ઉપર ઘા કરે. તે પણ ઘોડા ઉપરથી કુદી પડયો. સ્પેઇનીસ ડયુકે પૂરી તાકતથી ઘા કર્યો. ઇબ્ને સિરાજે ઘાને પોતાની તલ્વાર ઉપર રોકી લીધો. કાર્લોસની તલ્વાર ઝણકાર કરીને તુટી ગઇ.

"હાં, હવે ઘા કર !" નિશસ્ત્ર સ્પેનીસ વીર હોંઠ કરડીને પોકાર્યો. "હાં, હવે મવકો છે ! હરીફ નિશસ્ત્ર છે. મારી લે ! ખૂદ કાર્લોસ તને પોતાને કત્લ કરવાને લલકારે છે.

"હરગિઝ નહિં !" ઇબ્ને સિરાજે ગંભીરતાપૂર્વક કહ્યું. "અરબી વીરતા વિવશ દુશ્મનને કત્લ કરવો જાઇઝ સમજતી નથી. મારો પહેલાંથીજ એ વિચાર હતો. મૈં લડવાનું માત્ર એટલા માટેજ કબુલ્યું હતું કે તમે મને તુચ્છ ન સમજો પોતાનો ભાઇ બનાવવાથી ન શર્માવ."

ઇબ્ને સિરાજની વાત પૂરીજ થઇ હતી કે દૂર ધુળ ઉડતી નઝરે પડી. પળવારમાં બે સવાર સામે હતા. એ અવમા અને લોટાર્ક હતા. એમણે હરીફોને વિચિત્ર સ્થિતિમાં સામસામા જોયા.

"હું પરાજીત છું !" કાર્લોસ પોતાની બ્હેનને જોઇને પોકાર્યો. "મારૂં જીવન આ અરબની ભેટ છે. અવમા ! તું શાયદ મારા કરતાં વિશેષ ખુશ-નસીબ છે !"

"મારા ઝખ્મ મને મજબૂર કરે છે કે આ નવજવાન સાથે યુદ્ધ ન કરૂં" લોટાર્ક ગુસ્સામાં બોલ્યો. "હું આ ઝગડાનું કારણ પણ જાણવા ચાહતો નથી, કેમકે બનવાજોગ છે એમાં મારી જાન પણ જાય. કદાચ આ તમામ ફિસાદનું કારણ હુંજ છું. મારૂં જવું તમારામાં ઐકયતા ઉત્પન્ન કરી દેશે. હું હમણાંજ જવાને તૈયાર છું, એ શર્તે કે આ બાનૂ મને થોભવાનો હુકમ ન આપે." "બહાદૂર !" અવમાએ પ્રિયતમના રકીબને કહ્યું. "જ્યાંસુધી તારૂં દિલ ચાહે મારા ભાઇની પાસે રહે. હું હંમેશાં તારી બ્હેન બનીને રહીશ. અહિં આ સમયે જેટલા માણસો મવજૂદ છે, કોઇપણ ગમરહિત નથી. તું પણ એમનાથી ઝિન્દગીની મુસીબતો સહન કરવાનું શીખ"

અવમાએ ઘણી કોશિશ કરી કે ત્રણે બહાદૂરોમાં સુલેહ થઇ જાય, પરંતુ બધાએ ઇન્કાર કર્યો.

"હું આ અરબની ઇઝઝત કરૂં છું પણ ચાહી શકતો નથી !" કાર્લોસ બોલ્યો.

"હું આ અરબ ઉપર ઇર્ષ્યા કરૂં છું પણ એને ચાહી શકતો નથી !" લોટાર્ક પોકાર્યો.

"હું કાર્લોસની ઇઝઝત કરૂં છું લોટાર્ક પ્રત્યે હમદર્દી ધરાવું છું. પણ એમને ચાહી શકતો નથી." અંતે ઇબ્ને લિરાજની આવાઝ ગુંજી.

"ખયર" અવમાએ ફૈસલો કરતાં કહ્યું. "અમે બધા સાથે રહીશું. માન અંતે મુહબ્બત ઉત્પન્ન કરીનેજ રહેશે. ખુદા પાસે દુઆ છે કે આયંદા અમારામાં કોઇ તકરાર પયદા ન થાય.

૧૪

કનીસામાં

તે દિવસથી ઇબ્ને સિરાજની મુહબ્બત અવમાના દિલમાં હઝાર ગણી વધી ગઇ; કેમકે ઇશ્ક હંમેશાં વીરતાનો આશિક છે. કહેવત છેઃ " સુંદરીઓ શુરવીરો ઉપર પ્રાણ પાથરે છે." હવે અવમાને બિલ્કુલ યકીન થઈ ગયો હતો કે ઇબ્ને સિરાજ માં'મૂલી માણુસ નથી. કોઇ અત્યંત પ્રતિષ્ઠીત ખાનદાનમાંથી છે. એની બહાદૂરીની એના કરતાં વિશેષ સાબિતી બીજી શું હોઈ શકે કે કાર્લોસ ઉપર વિજયી નિવડયો. જેનું નામ લઇને સ્પેઇનના બહાદૂરો તલ્વાર ઉઠાવતા હતા એની શરાફતની એના કરતાં મ્હોટી કઈ દલીલ જોઇએ કે દુશ્મનને વિવશ કરી મૂક્યો અને જીવતદાન પણ આપ્યું. અવમા વારંવાર એકાંતમાં પૂછતી હતી. "તમે ખરી રીતે કોણ છો? કયા કબીલામાંથી છો? સ્પેઇન સાથે શું સંબંધ છે?" પરંતુ ઇબ્ને સિરાજ હંમેશાં એકજ જવાબ આપતો હતો. "મારૂં ખાનદાન ગરનાતામાં બની અહમર બાદશાહોનું ખિદમત ગુઝાર હતું." એનાથી વધુ એણે કદી પણ એક શબ્દ સરખો કહ્યો નહિ.

અવમા હવે પ્રેમસ્વરૂપ બની ગઈ હતી પરંતુ બુદ્ધિશાળી હતી. એણે ઇબ્ને સિરાજને સલાહ આપી કે થોડાક દિવસ આવવા જવાનું બંધ કરી દો, જેથી કાર્લોસનો ક્રોધ શરદ પડી જાય. ઇબ્ને સિરાજ એ વિરોધી લાગણીઓમાં ફસાયલો હતો. એક લાગણી અનહદ આનંદની હતી. બીજી લાગણી અનહદ નિરાશાની હતી. એ વિચાર તેને આનંદ-મૃત્યુની સમીપ પહોંચાડી દેતો હતો કે, અવમાના દિલનો

પોતે એકલોજ માલિક છે. પ્રિયતમા તેનીજ છે. હંમેશાં તેનીજ રહેશે. વળી પાછો એ વિચારીને અવાચક બની જતો કે વિસાલ–અશક્ય છે. તે પોતાના ધર્મમાં અનહદ પક્ષપાતી છે. આશિકની જાન નહિ, ઈમાન લેવા ચાહે છે અને એ બિલ્કુલ મહાલ છે.

એક દિવસ તે ગરદન ઝુકાવીને વિચાર સાગરમાં ગર્ક હતો. અચાનક એક કનીસા (ઇસાઇ દેવળ)માંથી નાકૂસની આવાઝ આવી. ન જાણે તેના મનમાં શું વિચાર ઉદ્દભવ્યો કે ઉઠીને ઉભો થઈ ગયો અને કનીસા પ્રત્યે દોટ મૂકી.

આ એક પ્રાચીન મસ્જિદ હતી. સ્પેનીસોએ એને કનીસો બનાવી નાખ્યો હતો. ઇબ્ને સિરાજે નઝર ઉઠાવી, તો દ્વાર ઉપર કુરઆની આયાત લખેલી દ્રષ્ટિએ પડી. એનું દિલ ગમ અને ગુસ્સાથી ભરપૂર થઈ ગયુ. એ અંદર દાખિલ થયો. નમાઝ (ઇસાઇઓની પ્રાર્થના) ખત્મ થઈ ચૂકી હતી. કોઇ પણ માણસ મવજૂદ ન હતો દરેક તરફ અંધકાર પ્રસરેલો હતો. માત્ર વેદી–કુરબાનગાહ ઉપર એક દિપીકા ટમટમી રહી હતી. તેણે ઝાંખા પ્રકાશમાં જોયુ કે વેદીના સંગે મરમર ઉપરનું સુન્હેરી કામ ઝગમગી રહ્યું હતું. એની અંદર એક અજબ શંકા ભરી લાગણી ઉત્પન્ન થઇ ગઇ. હરગિઝ સમજાયું નહિ કે આ લાગણી મસિહીય્યત સાથે મુહબ્બતની છે યા તિરસ્કારની?

એ ધીમે ધીમે આગળ વધવા લાગ્યો. એના પગનો પડઘો કનીસામાં સાફ સંભળાઇ રહ્યો હતો. વેદીની સામે અચાનક એની નઝર એક અચળ છાયા ઉપર પડી. એણે વિચાર્યું શું કોઇ મુર્તિ ચોઢેલી છે? પાસે જઇને જોયું તો મુર્તિ નહિ, પરંતુ ઝિન્દા માણસ હતો.

એક નવજવાન ઘુંટણીએ પડી, સીના ઉપર હાથ બાંધી, પ્રાર્થનામાં તલ્લીન છે. તેને ઇબ્ને સિરાજનું આવવું જણાયું નહિ. હતો તેવીજ

સ્થિતિમાં તે રહ્યો. ઇબ્ને સિરાજે જોયુ કે પાસેજ ઝમીન ઉપર એની તલવાર પડેલી છે. સંગે મરમરના ચબુતરા ઉપર ટોપી મૂકેલી છે, તેના પીછાં હવાથી ધીમે ધીમે હાલી રહ્યાં છે.

એ નવજવાન લોટાર્ક હતો. અરબ આશિકે રકીબને તુરત ઓળખી લીધો. "આ બહાદૂર ઇસાઇ ખુદાની હુઝુર પ્રાર્થનામાં તલ્લીન છે." ઇબ્ને સિરાજે થોભીને વિચાર કર્યો. "આ વીરોનો વીર, ફ્રાન્સનો શુરવીર, એક તુચ્છ અશક્ત પ્રાણીની પેઠે ઝુકેલો છે. કેમ ન હું પણ એવા બહાદૂરોના માબુદ આગળ ઝુકી જાઉં ?

એવામાં એની નઝર વેદીની મિહરાબ ઉપર પડી. ખંડિત અરબી અક્ષરોમાં એક કુર્આની આયત લખેલી હતી. તુરત આ કુફ્રભર્યા વિચારો ઉપર એના અંતરે મલામત કરી. એની જીભ ઉપર બેઇખ્તિયાર "અશહદુઅન લાઇલાહા ઇલ્લલાહ વ અશહદુઅન મુહમ્મદન અબ્દહુ વ રસુલુહ" જારી થઇ ગયું. એ ઝડપથી આ ઇમારતમાંથી નિકળી આવ્યો, જેમાં શયતાને એને દીને હકથી ભટકાવવાને લલચાવ્યો હતો.

પ્રાર્થનાલયની ફરતે મુસલમાનોનો પ્રાચીન મકબિરો હજુ સુધી મવજૂદ હતો. નારંગી સરૂ અને ખજૂરના વૃક્ષો કબ્રો ઉપર છાંયડો કરી રહેલા હતા. ઇબ્ને સિરાજે જેવા મકબિરામાં કદમ મૂકયા, એક અવ્રરત આવતી નઝરે પડી. તે ઓળખી ગયો. એ અવ્રમા એની પ્રિયતમા હતી.

"કનીસામાં લોટાર્ક છે, તેનીજ શોધમાં છોને ?" ઇબ્ને સિરાજે ટાસુારૂપે કહ્યું.

"મારા અરબ ! મારા અરબ ! !" અવમા જોશપૂર્વક પોકારી. "આ અર્થ વિનાની ઇર્ષ્યા ત્યાગી દે. જે દિવસે તારી મુહબ્બત બાકી રહેશે નહિં હું સાફ કહી દઇશ. હું દગાબાઝ નથી. હું આ કનીસામાં

ારે માટેજ દુઆ માંગવાને આવી છું. તુંજ મારા મનનો માલિક છે. તારા ઉપર ફિદા છું. જો હવે હું તને કહું છું, તને એમાંથી એક ત કરવીજ પડશે. યા તો તારા પ્રેમ-જાદુથી મને આઝાદ કરી દે ખુદાવંદે ઇસુ મસીહને માની લે. તારા કારણે મારૂં આખુ ખાનદાન રેશાનીમાં પડી ગયું છે મારો ભાઇ તારી અદાવતમાં મરી રહ્યો છે. રા પિતા શાદી માટે ઇન્કાર કરવાથી મારા ઉપર ખફા છે. શું તું રી હાલત જોતો નથી? તારા દિલમાં જરાપણ દયાનો અંશ નથી? સુકાઇને કેવી હાડપીંજર જેવી થતી જાઉં છું આ કબ્ર જુએ છે, ડદિકમાંજ એ મારૂં નિવાસસ્થાન બનશે. મારો દીન શા માટે કબુલ ી લેતો નથી? શું તને પ્રેમ નથી? પ્રેમ હોત તો મારા ખુદાવંદનો :મન ન બનત. તારા પ્રેમનો ભાર મુજ અબળાથી સહન થઇ શકતો ી. ખુદાને ખાતિર રહમ કર! જે ભઠ્ઠી તેં મારા સીનામાં સળગાવી તે મને બાળીનેજ રહેશે!"

અવમા એમ કહેતી અને અશ્રુ લુંછતી કનીસામાં દાખિલ થઇ ઇ. ઇબ્ને સિરાજ ઘણીવાર સુધી ચુપચાપ દિગમૂઢ ઉભો રહ્યો. તેના ુ આંસૂ ટપકવા લાગ્યા. અવમાંના ભાષણે તેના દિમાગમાં એક ખ્ત ગડમથલ ઉત્પન્ન કરી દીધી.

"શાયદ, ઇસાઇઓનોજ ખુદા હક હય!" તે વિચારવા લાગ્યો. હું હઠ શા માટે કરી રહ્યો છું! ઇસાઇઓનો મઅબૂદ શરીફ ઝરૂર કેમકે અવમા કાર્લોસ અને લોટાર્ક જેવા લોકો તેના પૂજારી છે!"

પછી તેણે વિચાર કર્યો. "અવમા ઝરૂર મરી જશે. અવમા રે માટે સર્વ કંઇ છે. કેમ ન મસિહીય્યત કબૂલ કરીને તેની જાન ચાવી લઉં? હઝરત મસીહ (અલ.) પણ છેવટે નબીજ છે, બલ્કે

કુર્આનની રૂએ "કલમતુલ્લાહ" છે. અલ્લાહ અને તેનો કલમો અલગ અલગ વસ્તુ નથી. હું ઝરૂર મસીહને ખુદાનો બેટો માની લઇશ!"

આ નિશ્ચય કરીને તે આગળ વધ્યો. તેણે નક્કી કરી લીધું કે કાલે સવારે જઇને અવમાને કહી દઇશ કે મેં મસિહય્યત કબૂલ કરી લીધી. પરંતુ એવું બન્યું કે તે સાંજથી પહેલાં પ્રિયતમને ઘેર જઇ શક્યો નહિ. સાંજે તે ઘરમાં મવજૂદ ન હતી. માલૂમ થયું કે કસરે જનૉલીફ (જન્નતુલ અરીફ) ગઇ છે, જ્યાં લોટાર્કે એક દઅવતની ગોઠવણ કરી છે.

૧૫

ભેદનો સ્ફોટ

ઇબ્ને સિરાજને ફાળ પડી. તરેહ તરેહની શંકાઓએ તેને ઘેરી લીધો. ઝડપથી રવાના થયો. લોટાર્કનો ચહેરો એને જોતાંજ ફીકો પડી ગયો. ડયુક કાર્લોસે અરબ નવજવાનનું મ્હોટા માનપૂર્વક સ્વાગત કર્યું. એનો વર્તાવ પણ ઠંડો તો હતોજ, પરંતુ દરેક રીતે સભ્યતાભર્યો હતો.

લોટાર્કે અત્યુત્તમ દઅવતનો બંદોબસ્ત કર્યો હતો. સ્પેઇન અને આફ્રિકાના સારા સારા મેવાઓ મેઝો ઉપર ગોઠવ્યા હતા. મિહમાન મહેલના સૌથી સુંદર હૉલમાં ભેગા મળેલા હતા. હૉલની દિવારો ઉપર સ્પેનીસ બહાદૂરોની તસ્વિરો લટકતી હતી. એ તેજ લોકો હતા. જેમણે મુસલમાનોને સ્પેઇનમાંથી દેશપાર કર્યા હતા. અબૂ અબ્દુલ્લાહ– ગરનાતાના છેલ્લા બાદશાહની તલ્વાર તસ્વિરોની નીચે લટકતી હતી.

ઇબ્ને સિરાજે શત્રુઓની સૂરતો અને પોતાના દાદાની તલ્વાર

જોઇ તેના અંતરમાં એક કયામત બરપા થઇ ગઈ. નસરાનીય્યતની દુશ્મની પુરી તાકાત સાથે પલટી આવી. પરંતુ તેણે સંયમ જાળવ્યો.

"અમે તસ્વિર પરસ્ત-ચિત્રપૂજક નથી!" તેની ઝબાનમાંથી માત્ર આટલુંજ નિકળ્યું. લોટાર્કની શોધિત ફ્રાન્સી નઝરોએ જોઇ લીધું કે, ઇબ્ને સિરાજ વારંવાર અબૂ અબ્દુલ્લાહની તલ્વાર ઉપર નિગાહ નાખે છે અને જલ્દીથી નીચી કરી લે છે.

"અરબ સરદાર!" લોટાર્ક સભ્યતાથી બોલ્યો. "જો મને મા'લૂમ હોત કે તમે અત્રે પધારી આભારી કરનારા છો, તો હરગિઝ આ હૉલમાં તમારૂં સ્વાગત ન કરત. તલ્વાર ગુમાવવાની આદત કોઇ નવી આદત નથી. મહાન મહાન બાદશાહોને મયદાને જંગમાં પોતાની તલ્વાર વિજેતા દુશ્મનને હવાલે કરી દેવી પડી છે."

ઇબ્ને સિરાજે ઠંડો શ્વાસભર્યો અને પોતાની અબાનો છેડો મુંહ ઉપર મૂકયો. "બેશક," તે બોલ્યો. "ફ્રાન્સીસ પહેલાની પેઠે તલ્વાર હવાલે કરી દેવી આશ્ચર્યકારક તો નથીજ; પરંતુ અબૂ અબ્દુલ્લાહનો મા'મલો બીજોજ છે."

સૂર્યાસ્ત થતાંજ સુંદર રંગીન કન્દીલો રવશન કરી દેવામાં આવી. આખો હૉલ પ્રકાશિત થઇ ગયો.

હાઝિર લોકોએ ડયુક કાર્લોસને મેકિસકોની હાલત બયાન કરવાની ફરમાઇશ કરી. એણે સુંદર ભાષામાં નવી દુન્યા વિષે વાતચીત શરૂ કરી. સ્પેઇનીસ સૈન્ય અને તેના સિપાહસાલારની વીરતાના કારનામા સંભળાવ્યા. અમેરિકાના દેશી વતનીઓની આદત અને રીતરિવાજ વર્ણવ્યા. ઇબ્ને સિરાજની અરબી તબીઅત આ દાસ્તાન સાંભળવાની ચાહક હતી. એને અનહદ દિલચસ્પી પયદા થઈ ગઈ. પછી જ્યારે ખુદ એની વારી

આવી, ત્યારે એણે ઉસ્માની સલ્તનતના હાલાત બયાન કરવા માંડયા. જેણે હાલમાંજ કોન્સટન્ટીનોપલ ઉપર કબજો કર્યો હતો. લોટાર્કે શાહ ફ્રાન્સીસ પહેલાના મહેલ, દરબાર અને મુસાહિબોનું વર્ણન કર્યું.

એ પછી સંગીત શરૂ થયું. પ્રથમ લોટાર્કે એક ગીત ગાયું. તે એટલોબધો લાગણીવશ થઇ ગયો કે ગાતાં ગાતાં રડવા લાગ્યો. પછી ઇબ્ને સિરાજે બની અહમરનું એક ખાસ ગાયન ગાયું. એ એટલુંબધું જોશભર્યું હતું કે ઇબ્ને સિરાજ જુસ્સામાં વારંવાર ઉભો થઈ જતો હતો. છેવટે કાર્લોસે પોતાના પરદાદા "સિયદ"* ની પ્રશંસામાં એક અત્યંત લાલિત્યમય કસીદો ગાયો. તેની દરેક કડીથી એમ લાગતું હતું કે ખુદ સિયદ પોતાની કબ્રમાંથી નીકળી આવ્યો છે.

ઇબ્ને સિરાજ આ કસીદાથી ઘણોજ કચવાયો. તે સિયદની તારીફ કોઇપણ પરિસ્થિતિમાં સાંભળી શકતો ન હતો

"એક શખ્સ જેને ઇસાઇઓ પોતાનો હીરો સમજે છે." ઇબ્ને સિરાજ સંયમ ન જાળવી શકતાં બોલી ઉઠયો. "તેને અમારા અરબોમાં અત્યંત ઝાલિમ અને કઠોર સમજવામાં આવે છે."

"તારા જેવો એક અરબજ આવા મહાન માનવંતા વીરનું અપમાન કરી શકે છે" કાર્લોસે ક્રોધમાં કંપતા કહ્યું. "તું નથી જાણતો કે સિયદ મારા ખાનદાનનો સ્થાપક છે?"

ઇબ્ને સિરાજ ક્રોધથી ભાન ભૂલીને પોતાની જગ્યાએથી ઉઠીને ઉભો થઇ ગયો.

---

* સિયદ મૂળ અરબી શબ્દ સૈયિદ છે. આ લકબથી સ્પેનનો એક સિપાહસાલાર પ્રખ્યાત થઈ ગયો છે. એણે મુસલમાનોને ભારે નુકશાન પહોંચાડયું હતું સ્પેનીસો હમણાંસુધી એને પોતાનો હીરો સમજે છે.

"સિયદ તારો પ્રપિતામહ છે ?" તે જોરથી બોલી ઉઠયો.

"બેશક," કાર્લોસે પોતાની છાતી ઉપર હાથ મારીને જવાબ આપ્યો. "મને ફખ્ર છે કે તેનું પાક ખુન મારી રગોમાં દોડી રહ્યું છે. એ તેનીજ બરકત છે કે ખુદાવંદ ઇસુમસીહના દુશ્મનોનો હું પણ કાતિલ દુશ્મન બનેલો છું."

"અવમા !" ઇબ્ને સિરાજે મેહબૂબાને ચુસ્ત આવાઝમાં ઉદ્દેશી. "જણાય છે કે તું પણ તેજ બયફ્રાર વંશમાંથી છે જેણે ગરનાતાના વિજય પછી એક મુસલમાનના ઘર ઉપર હુમલો કર્યો હતો. બાળકો અને સ્ત્રીઓને કત્લ કરી હતી. એક વૃદ્ધ વીરની ગરદન કાપી હતી, કેમકે તે પોતાની ઇઝઝતના રક્ષણ માટે તલ્વાર ચલાવી રહ્યો હતો."

"આ કેવો સવાલ છે ?" કાર્લોસ બોલી ઉઠયો "હા, હા, બયફ્રારજ અમારો દાદો હતો. જેણે પોતાની બેપનાહ તલ્વારથી મુસલમાનોનો સર્વનાશ કરી નાખ્યો. અમે તેજ મિલ્કતના વારસ થયા છીએ, જે મુસલમાનોને કત્લ કરીને બયફ્રારે મેળવી હતી."

"હું એ જાણતો ન હતો કે અમારા જવા બા'દ બયફ્રાર ખાનદાનનો લકબ 'સન્ટાવી' થઇ ગયો છે." ઇબ્ને સિરાજે ગંભીર થઇને જવાબ આપ્યો.

"શાહ ફર્ડિનન્ડેજ અમને એ ખિતાબ બક્ષ્યો છે." કાર્લોસે પ્રત્યુત્તર વાળ્યો.

આ સાંભળીને ઇબ્ને સિરાજનું મસ્તક ઝુકી ગયું. કાર્લોસ, અવમા અને લોટાર્ક તેને હયરતથી જોઇ રહ્યા હતા. તેની સિયાહ મ્હોટી આંખોમાંથી અશ્રુઓ ટપકીને કમરમાં બાંધેલા ખન્જર ઉપર પડવા લાગ્યા.

"સાહબો !" ઘણી વાર પછી તેણે મસ્તક ઉંચું કર્યું.

"આંસૂ વહાવવા મર્દોનું કામ નથી. આયંદા કદી પણ મારી આંખો અશ્રુ વહાવશે નહિ. જો કે મારે ઘણુંએ રડવાનું બાકી છે, પણ ઝરા મારી વાત ધ્યાનપૂર્વક સાંભળો."

પછી તેણે અવમાને ઉદ્દેશીને કહેવા માંડયું.

"અવમા! તારી સાથેના મારા પ્રેમની ઉષ્ણુતા એવી તીક્ષ્ણ છે, જેવી અરબી રણુમાં ઉષ્ણુ વાયુની હોય છે. હું તારા ઉપર એવો લુબ્ધ છું કે તારા વિના ઝિન્દા રહી શકતો નથી. કાલે કનીસામાં આ ફ્રાન્સી નવજવાનને પ્રાર્થનામાં તલ્લીન દેખીને, પછી મકબિરામાં તારૂં ભાષણુ સાંભળીને, મેં ઇરાદો કરી લીધો હતો કે તારા મઝબૂહ ઉપર ઇમાન લઇ આવું. ઇસાઇ બની જાઉં!"

આ સાંભળતાંજ અવમાનો ચહેરો આનંદથી પ્રકાશિત થઇ ગયો. કાર્લોસ ઉપર હયરત ઝાહિર થઇ. લોટાર્કે બન્ને હાથોમાં મુંહ છુપાવી લીધું. ઇબ્ને સિરાજ સમજી ગયો, કે આ લોકોમાં આ પરિવર્તન કેમ થયું છે. તેણે મસ્તક હલાવ્યું ક્રોધમય નિરાશાજનક સ્મિત તેના સુકા હોઠો ઉપર તરી આવ્યું. "બહાદૂર!' તેણે લોટાર્ક પ્રત્યે જોઇને કહ્યું. "રંગીલા ફ્રાન્સી! નિરાશ શા માટે થાય છે?"

પછી પ્રિયતમાને ઉદ્દેશીને ગુંગળાયલા શબ્દે બોલ્યો.

"અવમા! ઇબ્ને સિરાજ, બની અહમરના અંતિમ ચિરાગદિપક ઉપર હંમેશાને માટે માતમ કર!"

તુરત અવમા, કાર્લોસ અને લોટાર્ક હયરતથી ઉભા થઇ ગયા. આસમાન પ્રત્યે હાથ ઉઠાવ્યા અને ઝોરથી બોલી ઉઠયા. "બની અહમરનો અંતિમ ચિરાગ?"

કેમકે હવે તેઓ જાણી ગયા કે એમની સામે ગરનાતાના માજી શાહી ખાનદાનનો શાહઝાદો છે.

૧૬

વીરોની શરાફત

એક ભયંકર શાન્તિ સભામાં છવાઈ ગઈ. ભય, નિરાશા, કીનો, પ્રેમ, આશ્ચર્ય, ઇર્ષા, માન, વૈર આ ઉલટસુલટ લાગણીઓ એકીવકતે એકીસાથે બધા ઉપર છવાઇ ગઇ. અત્રમાએ શાન્તિનો ભંગ કર્યો. તે ઉભી થઇ ગઇ. ઘુંટણ ટેકી દીધા હાથ ઉપર ઉઠાવ્યા અને કહેવા લાગી. "યા ખુદા! હઝાર હઝાર શુક્ર તેં મારી ઇઝઝત રાખી લીધી. હું એવી ગઈ ગુઝરી નહતી કે તુચ્છ માણુસ સાથે પ્રેમ કરતી."

"અત્રમા!" ડયુક ગુસ્સાથી બરાડયો. "શું બકે છે? ભૂલી ગઇ લોટાર્ક સામે બેઠો છે."

"કાર્લોસ!" ઇબ્ને સિરાજે ધીમેથી કહ્યું. "શા માટે પરેશાન થાય છે? હું તને આ આફતમાંથી ઉગારી લઉં છું."

પછી અવમા પ્રત્યે ફર્યો.

"હે સૌંદર્યની દેવી! ઇબ્ને સિરાજ પોતાની ઝિન્દગીની છેલ્લી પળ સુધી તારો આશિકેઝાર બનેલો રહેશે; પરંતુ શું તને તેની મુસીબતની પણ ખબર છે? હાય! મારૂં દિલ ટુકડે ટુકડા થઇ ગયું છે. તારા દાદાએ જે વૃદ્ધ વીરને માર્યો હતો તે મારા દાદાનો સગો કાકો હતો."

"તો શું તું અબુ અબ્દુલ્લાહનો પૌત્ર છે?" કાર્લોસે તઅજ્જુબીથી પૂછ્યું.

"હા," ઇબ્ને સિરાજે જવાબ આપ્યો. "હું અબૂ અબ્દુલ્લાહ પૌત્ર છું. જો ભાગ્યે બેવફાઇ ન કરી હોત તો હું આજે ગરનાતાના

તખ્ત ઉપર બેઠેલો હોત અને તારી શુજાઅત અને શરાફતની કદ્ર કરત."

"તું આ દેશમાં શા માટે આવ્યો છે?" કાર્લોસે સવાલ કર્યો.

"એ એક ભેદ છે." ઇબ્ને સિરાજે જવાબ આપ્યો. "પરંતુ ભેદને ઝાહિર કરવાનો આજ સમય છે. હું અહીં એટલા માટે આવ્યો હતો કે બયફાર ખાનદાનથી પોતાના કાકાના ખૂનનું વેર વાળીશ."

કાર્લોસ હયરતથી દિગમૂઢ બની ગયો, પરંતુ અવમા બોલી ઉઠી. તેની આવાજ દુઃખ ભરી હતી, પરંતુ સ્વભાવની દ્રઢતા પ્રદર્શિત કરતી હતી.

"પછી શું ઇરાદો છે?" અવમાએ પોતાના પ્રિયતમને પૂછયું. "હુ અનહદ રંજ અને ગમ સાથે મારૂં વચન પાછું ફેરવું છું." આંસુ ભીંની આંખે ઇબ્ને સિરાજ કહેવા લાગ્યો. "હાં હવે તું સ્વતંત્ર છે. તારી કવમ મારા દીન અને મિલ્લતની પેઢી દર પેઢીની દુશ્મન છે. બેશક તને મારી જુદાઇનો મ્હોટો સદમો થશે, પણ ઝમાનો જેવી રીતે કોઈ ખુશી બાકી રાખતો નથી. એવીજ રીતે કોઇ દુઃખ પણ બાકી રહેવા દેતો નથી. એક દિવસ આવશે, જ્યારે તું મને ભૂલી જશે. તે દિવસે આ ફ્રાન્સી નવજવાન મારો બદલ હશે માત્ર મારોજ નહિ તારા ભાઇનો પણ; કેમકે બયફાર ખાનદાનના આ નવજવાનને હું હવે જીવતો મૂકી શકતો નથી......"

ઇબ્ને સિરાજનું બોલવું હજુ પુરૂં થવા પામ્યુ ન હતું કે લોટાર્ક દોડીને તેને ભેટી પડયો.

"ઇબ્ને સિરાજ!" તે જોશપૂર્વક બોલ્યો "હરગિઝ નહિ. તું શરાફતમાં મને પરાજીત કરી સકશે નહિ. હું ફ્રેન્ચ છું. પોતાના પિતાનો પુત્ર છું. "બ્યુ.રે" પોતાના હાથે મારી કમરમાં શુરવીરતાની

શમશીર બાંધી છે. હું પણ તમામ શરીફ ફ્રેન્ચોની પેઠે પોતાના પિતાને શરીફ સાબિત કરીશ. હું મૌતથી ડરતો નથી. ઝિલ્લત કબૂલ કરી શકતો નથી. જો તું સ્પેઈનમાં રહેવા ચાહે તો હું ડ્યુકને સિફારિશ કરીશ કે પોતાની બ્હેનની શાદી તારી સાથે કરી આપે. જો તું અહીંથી ચાલ્યો જઈશ, તો યકીન રાખ કે તારી પ્રિયતમાને માટે મને ન કોઈ લાલચ હશે, ન માંગણી, ન વિચાર. લોટાર્ક એટલો નીચ નથી કે તારી મુસીબતનો લાભ ઉઠાવે."

હવે કાર્લોસ હોશિયાર થયો.

"બહાદૂરો !" તેણે પોતાની ખોખરી આવાઝે કહેવા માંડયું. "તમો બન્નેની શરાફતથી મને એજ ઉમ્મીદ હતી. ઇબ્ને સિરાજ ! હું તારી લડવાની માંગણી કબુલ રાખું છું, પરંતુ એકવાર તેં મને જીવતદાન આપ્યું હતું, મને તારો એહસાન યાદ છે. જો તું લડવા માટે આગ્રહ કરશે, તો તારા હાથથી કત્લ થવું મારા માટે ફખ્રનું કારણ થશે. પણ મારી એક વાત સાંભળી લે. તું ઇસાઈ બની જા. હું મારી તમામ દવલત તને બખ્શીસ કરીશ, સાથે જ અવમા સાથે તારી શાદી કરી દઈશ; કેમકે તું દરેક રીતે એને ગ્રોગ્યજ છે."

થોડી વાર લગી શાન્તિ પથરાઈ ગઈ. આ રસ્તો ઇબ્ને સિરાજને માટે ઘણોજ કઠીન હતો. એક શબ્દ વડે તેની કિસ્મત બદલાતી હતી. ફક્ત 'હા' કહી દેવાથી અવમા મળતી હતી. એના વિચારોમાં એક તુફાન ઉત્પન્ન થયું, પરંતુ તુરત એને બયફાર વંશની ઇસ્લામ દુશ્મની યાદ આવી ગઈ. મુસલમાનો અને ખુદ તેના સ્નેહીઓની લાશોના ઢગલા નઝર સામે રજુ થયા; જે આ ખાનદાનની તલ્વારોએ

બેદર્દીપૂર્વક ખડકયા હતા. અચાનક એની આંખો ચમકવા લાગી. શરીરમાં કંપારી છુટી. અવયવો ખેંચાવા લાગ્યા. એણે કાર્લોસ, અવમા અને લોટાર્ક પ્રત્યે તિક્ષ્ણ નઝરે જોયું, અને પછી શાન્ત થઈ ગયો.

"આહ!" તે બોલ્યો. "હું અહીં કેવા ઉચ્ચતમ અખલાક, કેવી નિર્ભેળ શરાફત, કેવી અંતરની નિર્મળતા અનુભવી રહ્યો છું. કાર્લોસ હું મારો દીન ત્યજી શકતો નથી. મારો ગુસ્સો મને મજબૂર કરે છે કે પોતાના ખાનદાનના કાતિલોથી વૈર વાળ્યા વિના ન રહું પરંતુ તારી શરાફત મને આ કાર્યથી રોકી રહી છે. બેહતર છે, કે અવમા આ વિષયમાં જજ બની જાય. તે પોતેજ કહે કે મારે શું કરવું જોઈએ? એની મુહબ્બતના હકો મહાન છે! એ આજ્ઞા કરે, હું એનું આજ્ઞાપાલન કરીશ."

અવમાની આંખોમાં આંસુ ભરાઇ આવ્યા, પરંતુ દિલ સખ્ત કરીને બોલી.

"ઇબ્ને સિરાજ! હું જાણું છું કે તું પોતાનો ધર્મ ત્યજશે નહિં. જેથી તારી પ્રિયતમા તને આજ્ઞા કરે છે કે સહરા (રણ)માં ચાલ્યો જા અને જિન્દગીભર એના ગમમાં રડતો રહે.!"

ઇબ્ને સિરાજે અજીબ નઝરોએ અવમાને જોવા માંડી. કેટલીએ વાર સુધી તેના ચાંદ જેવા ચહેરા ઉપર આંખો ચોંટાડી બેસી રહ્યો, પછી આંખો નીચી કરી લીધી અને એક શબ્દ પણ બોલ્યા વિના મજલિસમાંથી ઉઠીને ચાલ્યો ગયો.

૧૭

અદાલતમાં

આવમાએ આ રાત જેવી રીતે વિતાવી એનું વર્ણન કરવું અશક્ય છે. નિંદ્રા શું? પાગલ પેઠે પોતાના ઓરડામાં દોડતી રહી. જાણે શું વિચારીને અર્ધી રાત્રે એક નવકરને ઇબ્ને સિરાજના નિવાસસ્થાને મોકલ્યો. તેને કોઈ પયગામ આપ્યો નહિ. માત્ર આટલુંજ કહ્યું: "અરબ સરદારને જોઈ ને ચાલ્યો આવ."

નવકરે પાછા આવીને ગમગીન નાઝનીન ઉપર વિદ્યુત ચમકાવી દીધી.

"અરબ સરદાર તો ચાલ્યા ગયા." નવકર બોલ્યો.

"ચાલ્યા ગયા?" અવમાથી ચીસ પડાઈ ગઈ. તે મસ્તક પકડીને બેસી ગઈ. ન જાણે તે સુઈ ગઈ હતી કે બેહોશ હતી. સવારમાં તેણીએ માથુ ઉઠાવ્યું ત્યારે એક સાહેલી પાસે ઉભી હતી.

"શું છે?" અવમાએ વિકળતાપૂર્વક સવાલ કર્યો. "ઇબ્ને સિરાજ ગિરફ્તાર થઇ ગયો!" સાહેલીએ વિના પ્રસ્તાવનાએ કહી દીધું.

આ ખબર અવમાને માટે જેટલી દુઃખદાયક હતી, તેટલીજ આશ્ચર્યકારક પણ હતી. ભાનભૂલી થઈને તે ભાઇ પાસે દોડી ગઇ. કાર્લોસ આ પહેલાંજ સાંભળી ચૂકયો હતો.

"ગભરાવ નહિ, હું જાઉં છું." કાર્લોસે બ્હેનને ધીરજ આપી. "હું પણ સાથેજ આવીશ." અવમાએ જોશપૂર્વક કહ્યું. બન્ને રાજ્ય કચેરી તરફ રવાના થયા. તેજ સમયે લોટાર્ક પણ આવી ગયો અને તે પણ સાથે થઈ ગયો.

દારૂલ હુકૂમત (અદાલત)માં અસાધારણ ભીડ જામેલી હતી, કેમકે "અરબ સરદાર"નો મુકદ્દમો તપાસ કરનારી *સભાની અદાલતમાં તુરત પેશ થનાર હતો. અદાલતના વિશાળ હોલમાં ડ્યુક પોતાની બ્હેન અને મિત્ર સાથે દાખલ થયો. એક એવા ખુણામાં જઈ બેઠો, જ્યાંથી બધી કારવાઈ દેખી શકાતી હતી; પરંતુ અદાલતની નઝરો ત્યાં સુધી પહોંચી શકતી ન હતી. એણે આ જગ્યા એટલા માટે પસંદ કરી હતી કે ઇબ્ને સિરાજ એને જોઈ શકે નહિ.

થોડી વાર પછી ઇબ્ને સિરાજને, જંઝીરોમાં જકડાયલો અદાલતની રૂબરૂ હાઝિર કરવામાં આવ્યો. ગરનાતાનો વડો પાદરી જજ હતો. તેણે પોતાનો પૂરો દીની (ધાર્મિક) લિબાસ પરિધાન કર્યો હતો.

"તમારા ઉપર મૂકાયેલા આરોપથી વાકિફજ હશો ?" જજે ઇબ્ને સિરાજને પૂછ્યું. "તમે ઇસાઈ કુમારિકાને ફોસલાવતા હતા અને તેના સગાવ્હાલાઓને તમારા જૂઠા ધર્મ તરફ આકર્ષતા હતા."

"એ હડહડતું જૂઠાણું છે." ઇબ્ને સિરાજે જોશપૂર્વક જવાબ આપ્યો. "મે ન તો કોઈ કુમારિકાને ફોસલાવી છે, ન તો કોઇને મારા દીનની દઅવત આપી છે. હું મુસલમાન છું. શરીફ છું. કોઈ સાચો મુસલમાન, કોઈ શરીફ ઇન્સાન, કદી પણ કોઇ નિર્દોષ કુમારિકાને બેહકાવી શકતો નથી. એવીજ રીતે મેં કદી કોઇને મુસલમાન થવાને

---

* સ્પેઇનમાં મુસલમાન અને યહુદીઓનો નાશ કરવાને આ અદાલત યા સભા સ્થપાઈ હતી. હઝારો માણુસો એના હુકમથી કત્લ થયા અથવા જીવતા બાળવામાં આવ્યા.

પણ લલચાવ્યો નથી. સ્પેઇનનો મારો પ્રવાસ આ મકસદને માટે હતોજ નહિ."

"અદાલત તમારી બધી હકીકત જાણી ચૂકી છે." જજ બોલ્યો. "હુકૂમતના જાસુસોએ તમારા ખાનદાનની હાલત અને કાલ રાતની કસ્રે જર્નાલીફની બધી વાતચીતની અમને ખબર પહોંચાડી છે. જૂઠું ના બોલો."

"મુસલમાન જૂઠ બોલતોજ નથી." ઇબ્ને સિરાજે જવાબ આપ્યો.

"જુઓ હું તમને શિખામણ આપું છું." પાદરી જજે કહેવા માંડયું. "તમારો ધર્મ બિલ્કુલ જૂઠો છે. એક અભણ ભરવાડે (મઆઝ અલ્લાહ) તેને સ્થાપ્યો છે. તમને શર્મ નથી આવતી કે બુદ્ધિશાળી અને સ્વમાની થઇને એ ભરવાડની પૂજા કરો છો? અમારા ખુદાવંદ ઇસુમસીહ ઉપર ઇમાન લઇ આવો તો હમણાં તુરત છુટા કરી દેવામાં આવશે."

"મારો દીન હક છે." ઇબ્ને સિરાજ મ્હોટા જોશપૂર્વક અવાજે બોલ્યો આ આકાશની નીચે અને પૃથ્વીની ઉપર એ દીન કરતાં કોઇ દીન (ધર્મ) સાચો નથી. તે પોતેજ જૂઠો છે, જે આ દીને ઇલાહીને જૂઠો કહે છે. અમે કોઇપણ મનુષ્યની પૂજા કરતા નથી. તું જે પવિત્ર હસ્તીને ભરવાડ (બકરાં ચારનાર) કહે છે તે અલ્લાહનો મકબૂલ રસૂલ હતો. અમે **સય્યદુલ મુરસલીન ખાતિમુન્નનબીઇન હઝરત મુહમ્મદ સલ્લલાહો અલયહિ વ સલ્લમ**ને ખુદા નથી માનતા, ન તેમની પૂજા કરીએ છીએ, જેવું કે ઇસાઇઓએ મસીહ અલય-હિસ્સલામ સાથે કર્યું છે. અમે હઝરત મુહમ્મદ (સ. અ. વ.)ને ખુદાના

બંદા અને પયગમ્બર માનીએ છીએ. અલબત્ત તમારો દીન બાતિલ છે. તમે એક ઇન્સાનની પૂજા કરો છો. ખૂદ પોતાના હાથોવડે તેની મૂર્તિ ઘડો છો, પછી તેનેજ સિજદો કરો છો."

"બસ ખામોશ !" જજની આવાઝ બુલંદ થઈ. "અદાલત ઉદ્ધતાઇભર્યા ભાષણની ઇજાઝત આપી શકતી નથી. આરોપ સાબિત છે. બચવાનો ઉપાય માત્ર એટલોજ છે કે ખુદાવંદ મસીહ ઉપર ઇમાન લઈ આવો, નહિં તો મૌતને માટે તૈયાર થઇ જાઓ."

"મૌત ! હા, હા, હા ! ઇબ્ને સિરાજે જોરથી અટ્ટહાસ્ય કર્યું. "દગાબાઝ ન્યાયાધિશ ! મને મૌતથી ડરાવે છે ? મેં મારા ઇમાન માટે પ્રેમને ત્યજી દીધો. તે પ્રેમ, જેની આગ મને ઝરૂર ખાક કરીનેજ રહેશે. બિસમિલ્લાહ ! જલ્લાદને બોલાવ. હું મૌતને માટે હાઝિર છું. મુહમ્મદ (સલ.)ના ખુદાની કસમ, હું હરગીઝ મૌતથી ડરતો નથી. હું........."

ન્યાયાધિશે ફરી તેને અટકાવ્યો.

"ચૂપ રહે." "તેં ખૂદ તારી જીભેજ આરોપનો સ્વીકાર કરી લીધો છે."

"મેં કોઈ આરોપનો સ્વીકાર કર્યો નથી." ઇબ્ને સિરાજે પ્રત્યુત્તર આપ્યો.

"તું કહે છે તેં પ્રેમ ઉપર ઇમાનને સરસાઈ આપી છે. અદાલતને તારા પ્રેમની હકીકત મા'લૂમ થઇ ગઇ છે. તેં ડયુક લઝારાકની પુત્રી અવમા સાથે અયોગ્ય સંબંધ બાંધ્યો હતો........."

૧૮

અવમાનો ઈસ્લામ સ્વીકાર

"જૂઠો, દગાબાઝ!"

આ ગર્જના એકી વખતે બે સ્થળેથી ગરજી. એક ગર્જના ખૂદ જુઅને સિરાજની હતી. બીજી ઝનાના ગર્જના હતી અને અદાલતના એક ખુણામાંથી આવી હતી. બધાયની નજરો તે ખુણા તરફ દોડી ગઇ. શું જુએ છે કે એક સુંદરી શોકમય સૂરતે દીવાનાની પેઠે દોડતી આવી રહી છે. સુંદરી ખૂદ અવમાજ હતી, પરંતુ આ સમયે તદ્દન એકલીજ હતી. કાર્લોસ યા લોટાર્ક તેની સાથે ન હતા.

"દગાબાઝ પાદરી!" અવમાએ અદાલતની આગળ આવીને કહેવા માંડયું. "મસીહના જૂઠા અનુયાયી! દુર્ભાગી! તું એક શરીફ મર્દ અને શરીફ અવરત ઉપર તોહમત લગાવે છે? જરાએ શર્માતો નથી! ડયુક સન્ટાવીની પુત્રી! આ તોહમત! તારી ઝબાન! તું મસીહનો જાંનશીન છે? જૂઠા! તું તો શયતાનનો ચેલો છે! ફરેબી અને બદમાશ! તારાજ જેવા લોકો હતા, જેને મસીહે બશારત આપી હતી કે આસ્માની બાદશાહીમાં દાખિલ થઇ સકશે નહિ.........!"

"બાનુ! જજ વચમાંજ બોલી ઉઠયો. "મને અફસોસ થાય છે કે અણુજાણમાં તમારૂં નામ જીભ ઉપર આવી ગયું ડયુક સન્ટાવીની પુત્રી ખરેખર દરેક માનની મુસ્તહક છે, પરંતુ ખુદાવંદ મસીહના આ દુશ્મનની હિમાયત કરવી તમને વ્યાજબી નથી."

"મસીહનું નામ ન લે." બહાદૂર અવમા પોકારી ઉઠી.

"તમો ધર્મગુરૂઓ દરેક ધર્મને બરબાદ કરનારા છો. આવા શરીફ માણસને તું મસીહનો દુશ્મન કહે છે?"

"ડયુકની દીકરી!" જજ નરમીથી બોલ્યો. "તું નાદાન છે. તું શું જાણે કે આ લોકો કેવા ખરાબ ધર્મના માનનારા છે?"

"જે ધર્મને ઇબ્ને સિરાજ માને છે." અવમાએ જોશપૂર્વક કહ્યું: "તે ધર્મ ખરાબ હોઈ શકેજ નહિં."

"હાય કુફ્ર બકે છે! તવબા કર." પાદરીએ આંખો કાઢીને કહ્યું.

"શું? અવમા ગુસ્સાથી લાલચોળ થઇને વદી. "કુફ્ર? જો એ કુફ્ર છે તો હે ખુદા તું ગવાહ રહેજે કે હું કાફિર છું" આટલું બોલીને તે ઇબ્ને સિરાજ પ્રત્યે ફરી.

"ઇબ્ને સિરાજ! હું તારો દીન (ધર્મ) કબૂલ કરૂં છું. **અશહદુ અન્ન લા ઈલાહા ઈલ્લલ્લાહ વ અશહદુ અન્ન મુહમ્મદન અબ્દહુ વ રસુલહુ.**"

અવમાના મુખમાંથી આ શબ્દો નીકળતા જોઈ, પાદરી ક્રોધથી ઉભો થઈ ગયો.

"હમણાંજ લઇ જાવ! ડયુકની દીકરી દિવાની થઇ ગઈ છે." તેણે સિપાહીઓને આજ્ઞા કરી, પછી તુરતજ ઇબ્ને સિરાજ પ્રત્યે દેખીને બરાડયો.

"એને કત્લ કરી નાખો!"

એક પળ માટે અદાલતમાં મૌત જેવી શાન્તિ છવાઇ ગઈ. પછી સિપાહીઓ ધસ્યા. એક તરફ ઇબ્ને સિરાજને અને બીજી તરફ અવમાને લઈ જવા લાગ્યા.

૧૯

પ્રેમનો પ્રતાપ

બરાબર એજ સમયે ડયુક કાર્લોસ અદાલતના હોલમાં દાખલ થયો.

"થોભો!" તે પોતાના પ્રભાવશાળી આવાઝથી વદયો. "હું બાદશાહ સલામતની પાસેથી આવી રહ્યો છું. આ ઇબ્ને સિરાજની મુક્તિનું ફર્માન છે."

આ કહેતાંજ કાર્લોસે જજ સામે શાહી ફર્માન ધર્યું. પાદરીએ ઉભા થઇને તે સુન્હેરી કાગળ હાથમાં લીધો. તેમાં લખ્યું હતું: "ઇબ્ને સિરાજને છોડી મૂકવામાં આવે."

"ઇબ્ને સિરાજને મુક્ત કરવામાં આવે છે." પાદરીએ ગમનાક આવાઝે કહ્યું. "પણ ડયુક! તમારી બ્હેન તો કાફિર થઇ ગઇ!"

"કાફિર થઇ ગઇ!" ડયુક આશ્ચર્યથી પોકાર્યો. "શું? અત્મા કાફિર થઇ ગઇ?"

"હા." પાદરીએ ગંભીરતાપૂર્વક જવાબ આપ્યો. "તેણીએ ઝાહિરમાં ઇસ્લામ કબૂલ કરી લીધો."

"હા, મેં ઇસ્લામ કબૂલ કરી લીધો." અત્માએ—જે હજુ હોલમાંજ હતી-પોકારીને કહ્યુ. "જેણે ન સાંભળ્યું હોય તે હવે સાંભળી લ્યે. હું મુસલમાન થઇ ગઇ છું."

ડયુકે ગરદન ઝુકાવી દીધી. ઘણીવાર સુધી દિગમૂઢ રહ્યો, પછી તે ઇબ્ને સિરાજ તરફ વધ્યો. શાહી ફર્માન સાંભળ્યા પછી સિપાહીઓએ ઇબ્ને સિરાજને મુક્ત કરી દીધો હતો. ડયુક આગળ આવ્યો અને તેનો હાથ પકડી લીધો.

"અરબ મિત્ર ! મુબારક !" ડ્યુક બોલ્યો. "મેં ખુશી સાથે મારી બ્હેનને તારી સેવામાં આપી દીધી."

પછી તે અવમા પ્રત્યે વધ્યો અને કહેવા લાગ્યો.

"વ્હાલી બ્હેન ! હું તારાથી નારાઝ નથી. હું તારા ઇસ્લામ સ્વીકારથી ખફા નથી. જો તને તારા પ્રેમીનો દીન પસંદ છે, તો તારે માટે તેજ બેહતર છે. આ લોટાર્ક ઉભો છે. એક શબ્દ એના સંતોષ માટે પણ કહી દે."

"હું પણ મુસલમાન છું !" સરળ હૃદયના લોટાર્કે આગળ વધીને જોશપૂર્વક કહ્યું. "જે દીન ઇબ્ને સિરાજ અને અવમાનો છે, તેજ સર્વથી સરસ દીન છે. શાક્ષી રહેજો. આ સમયથી ઇબ્ને સિરાજ મારો ભાઇ અને અવમા મારી બ્હેન છે." "મર્હબા !" ઇબ્ને સિરાજ દોડી આવ્યો અને લોટાર્કને ભેટી પડયો. "તારી શરાફતનું શું કહેવું ! તારા ઉપર ખુદાની છાયા રહો ! તું મારો ભાઈ છે. મારી બ્હેન હાજરા તારી પત્ની બનશે. અબૂ અબ્દુલ્લાહની પૌત્રી આ સમયથી તારી કનીઝ છે."

૨૦

<u>છેવટ</u>

આ સમય સુધી ટ્યુનિસમાં ઇબ્ને સિરાજ અને અવમા, લોટાર્ક અને હાજરાની નસ્લ મવજૂદ છે. વસ્સલામ.

ખત્મ.

બીજા વર્ષના પુસ્તકો

પ્રગટ થયલાં

	મૂલ્ય :
મુહમ્મદી દર્પણ	૦–૧૨–૦ [પોસ્ટેજ : ૦–૨–૦ વધુ]
ઇબ્ને સિરાજ	૦–૬–૦ [પોસ્ટેજ ૦–૧–૦ વધુ]

તૈયાર થતાં પુસ્તકો

ઇકબાલ..................સીરતી

માટીના ઘડા.........ફખ્રમાતરી

વાર્ષિક લવાઝમ
હિંદ : રૂા. ૨–૮–૦
પરદેશ ,, ૩–૦–૦
અથવા શિલિંગ પાંચ

વ્યવસ્થાપક :
બઝમે ઇકબાલ
કઠોર
(વાયા : સાયણ)

કારવાં સચિત્ર ગુજરાતી માસિક

* ગુજરાત અને મહાગુજરાતના જાણીતા હિંદુ-મુસ્લિમ લેખકોના સહકારથી કારવાં નિયમીત રીતે દર અંગ્રેજી મહીનાની ૧૫.મી તારીખે અચૂક બહાર પડે છે.

* કારવાંનાં કેટલાંક આકર્ષણો :

* એકારની રેડીયો ટોક, વણજારાની પોઠ, ત્રિમાસિક મેહફિલ એ એની ખાસ વિશિષ્ઠતા છે.

* કારવાંના ઇતિહાસ લેખો ખાસ અભ્યાસી દૃષ્ટિએ લખાએલા હોય છે.

* કારવાંનો કાવ્ય વિભાગ સમૃદ્ધ હોય છે.

* કારવાં શિષ્ટ અને ઇષ્ટ સાહિત્ય પીરસે છે.

* ખાતરી માટે નમુનાનો અંક સાત આનાની ટીકીટ મોકલાવી મંગાવી લો.

તંત્રી :—વહશી રાંદેરી, સહતંત્રી :—"એકાર"

લવાજમ રૂ. ૪) બરમા રૂ. ૫) પરદેશ શિલીંગ ૮

લખો :—'વહશી' સાહિત્ય કાર્યાલય,

કણપીઠ—સુરત.

"ચોંકશો નહિ !" તમારા ટૂથ બ્રશના વાળ સુવ્વરના છે.
ટૂથ બ્રશ એટલે બ્રિસ્ટલ-બ્રશ
અને બ્રિસ્ટલ-બ્રશ એટલે સુવ્વરના વાળ !

મુસલમાન ક્યાં અને એ નજાસત ક્યાં ?

અજાણપણે એમ કર્યું, હવે જાણ્યા પછી એને છોડો

અને

* "મિસ્વાક" વાપરો *

મિસ્વાક
એટલે
બ્રશમાં મિસ્વાક
અને
મિસ્વાકમાં બ્રશ

એ વાળના નથી.
રેશાના છે.
દીની નઝરે દુરૂસ્ત,
દુન્યવી નઝરે
તન્દુરસ્ત.

* મિસ્વાક જુનીયર : બચ્ચાંઓ માટે
* મિસ્વાક લેડીઝ : ઔરતો માટે
* મિસ્વાક પ્રોફિલેકટિક અને શોર્ટ હેડ : મર્દો માટે.

સ્ટોકિસ્ટ : **મુહમ્મદ અહમદ એન્ડ બ્રધર્સ**

૨૨૦, કટલેરી બાઝાર, મુંબઈ ૩

લેટેસ્ટ ડીઝાઈનનાં

સુટીંગ્સ

શરટીંગ્સ

નાનકલાક, મલમલ,
સાટીન જીન,
ટુવીલ, પોપલીન,
પરમાટો.

રંગીન તથા ધોએલી
ચાદરો, ગીલાફ,
તથા
ટેબલ-કવર્સ.

તૈયાર

ફ્રોકસ, બાબાસુટ,
બ્લાઉઝ, પેટીકોટ,
બોડીઝ, ઓઢ
ઈજાર વગેરે

આપની
દરેક
ખરીદી
વખતે
અમારા
સ્ટોર્સ
ની
મુલાકાત
લેવા
વિનંતી
છે.

દરેક જાતનું કાપડ
ગરમ-સુતરાઉ
રેશમી
તથા
ફેન્સી
એકજ ભાવ
અને
ઓછા દરથી
ખરીદવાનું
ભરોસાપાત્ર
મથક

'ગીવ એન્ડ ટેક' સ્ટોર્સ

(જુમ્મા મસ્જીદ પાસે)

ચોકબઝાર : સુરત.

માલિક : ઈબ્રાહીમ એમ. એસ. અલ્
(રાંદેરવાલા)